ગુજરાતી

# સાહિત્ય ભારતી

સંયુક્ત

ધોરણ - ૯



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય - ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે -**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

# ગુજરાતી
# સાહિત્ય ભારતી

## સંયુક્ત

## ધોરણ - ૯

**મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ**
**પુણે - ૪૧૧ ૦૦૪**

3U58C3

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિઝીટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૭
પુનર્મુદ્રણ : ૨૦૨૨

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧૦૦૪

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.


| | | |
|---|---|---|
| ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય | : | સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ<br>ડૉ. મધુ સંપટ<br>શ્રીમતી સ્મિતા દવે<br>શ્રી. ઈલેશકુમાર આર. ગાંધી |
| ગુજરાતી અભ્યાસજૂથ | : | સુશ્રી ઈલા શુક્લ<br>શ્રીમતી ભગવતી એ. પંડ્યા<br>ડૉ. દિપ્તી શુક્લ<br>શ્રીમતી જનક દાવડા,<br>શ્રી પ્રફુલ શાહ<br>નિમંત્રિત<br>શ્રીમતી કેતકી નિતેશ જાની,<br>સદસ્ય - સંયોજક |
| સંયોજક પ્રમુખ | : | શ્રીમતી કેતકી નિતેશ જાની<br>વિશેષાધિકારી ગુજરાતી,<br>પાઠ્યપુસ્તક મંડળ,<br>પુણે - ૪ |
| ચિત્રાંકન અને મુખપૃષ્ઠ | : | શ્રી. સૌરભ ચવ્હાણ, પુણે |
| નિર્મિતિ | : | શ્રી. સચ્ચિતાનંદ આફળે,<br>મુખ્ય નિર્મિતિ અધિકારી<br>શ્રી. રાજેંદ્ર ચિંદરકર,<br>નિર્મિતિ અધિકારી<br>શ્રી. રાજેંદ્ર પાંડલોસકર,<br>સહાયક નિર્મિતિ અધિકારી |
| અક્ષરાંકન | : | ગુજરાતી વિભાગ,<br>પાઠ્યપુસ્તક મંડળ,<br>પુણે - ૪. |
| ફોટોટાઈપ સેટિંગ | : | સોનલ એંટરપ્રાઈજેસ,<br>મુંબઈ-૧૩. |
| કાગળ | : | 70 GSM Creamwove |
| મુદ્રણાદેશ | : | |
| મુદ્રક | : | |
| પ્રકાશક | : | શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક<br>પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,<br>પ્રભાદેવી, મુંબઈ - ૨૫. |


## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

નવમા ધોરણમાં આપનું સ્વાગત છે. સાહિત્ય ભારતી (સંયુક્ત)નું આ પુસ્તક આપના હાથમાં મૂકતા અમને આનંદ થાય છે.

મિત્રો, ગુજરાતી ભાષામાં તમારા વિચારો વ્યક્ત કરવા માટે તમારી શબ્દસંપત્તિ સમૃદ્ધ હોવી તે ખૂબ જરૂરી છે. સાથે સરળ વ્યાકરણથી પણ પરિચિત હોવું આવશ્યક છે. જે આ પુસ્તકમાં છે.

આ પુસ્તકમાં પ્રાણીપ્રેમ, શ્રમપ્રતિષ્ઠા, પ્રકૃતિની સુંદરતા, રમૂજીકથા, મોટાઓ પ્રત્યે માન-સન્માન, પર્યાવરણ, પ્રાચીન કથાઓ અને ગ્રામ્ય સંસ્કૃતિને વ્યક્ત કરતી કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિવિધ પ્રકારના સ્વાધ્યાયો અભ્યાસવાથી તમારી આકલન શક્તિ દૃઢ થશે. 'વાંચો, વિચારો અને નક્કી કરો', 'શબ્દરમત', 'ભેજું કસો', 'વાક્યોને ક્રમમાં ગોઠવો', 'જોડણીભેદથી થતા અર્થભેદ' વગેરે ઉપક્રમો તમારી સર્જનશક્તિને વેગ આપવા સાથે ખીલવશે પણ તેવી ચોક્કસ ખાતરી છે. 'કૃતિમાંથી શબ્દો શોધો', 'નિરીક્ષણ કરો' અને 'ચર્ચા કરો' જેવી વિચારશીલ પ્રવૃત્તિઓ આકલન શક્તિ વધારશે. વિશેષ વાંચન અને લેખન કૌશલ્ય અંતર્ગત આપેલી માહિતી ચોક્કસ જ્ઞાનવર્ધક ઠરશે. આ પુસ્તકથી નવી ટેકનોલોજી અને ઈન્ટરનેટ તમારાં વિકાસ માટે કેવી રીતે વાપરવા તે જાણશો.વર્ષાંતે વિદ્યાર્થીઓ અપેક્ષિત ક્ષમતાઓ ચોક્કસ પ્રાપ્ત કરશે જ, તેવો વિશ્વાસ છે.

આપના સૂચન અને પ્રતિભાવો આવકાર્ય છે.

આપ સૌને શુભેચ્છા!

ડૉ. સુનિલ મગર
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક
નિર્મિતિ મંડળ, પુણે

પુણે
દિનાંક : ૨૮ એપ્રિલ ૨૦૧૭, અખાત્રીજ
ભારતીય સૌર : ૮ વૈશાખ ૧૯૩૯

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની ..................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ...............બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

# રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત - ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત - ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

# પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અપેક્ષિત ક્ષમતા - ધોરણ ૯ (સંયુક્ત)
## English Medium

| ક્ષેત્રો | અપેક્ષિત ક્ષમતા |
|---|---|
| શ્રવણ : | • ઘર-પરિસરમાં થતા અનૌપચારિક સંભાષણ સાંભળે અને સમજે.<br>• કવિતાનો લય-તાલ સમજે અને સાંભળે.<br>• સંવાદો તેમજ પ્રસંગો સાંભળે.<br>• બોલીભાષા અને પ્રમાણભાષાનો ભેદ સમજે.<br>• સંદેશવહનના માધ્યમ દ્વારા વિવિધ સમાચારો સાંભળે અને સમજે. |
| ભાષણ - સંભાષણ: | • આરોહ-અવરોહ સાથે કાવ્યપઠન કરે.<br>• સૂર-તાલ સાથે કવિતા-પ્રાર્થના ગાય.<br>• કાર્યક્રમનું સંચાલન કરે.<br>• જૂથચર્ચામાં ભાગ લે.<br>• શબ્દો, શબ્દસમૂહ કે રૂઢિપ્રયોગોનો વ્યવહારમાં સહજ ઉપયોગ કરે.<br>• સંવાદ સ્પષ્ટપણે રજૂ કરે.<br>• આપેલા વિષય પર વક્તવ્ય રજૂ કરે. |
| વાંચન : | • વાચનમાં ગતિ વધારે.<br>• અસ્ખલિત વાંચન કરે.<br>• યોગ્ય ગતિમાં સમજપૂર્વક, વિરામચિહ્નો સાથે પ્રકટવાંચન કરે.<br>• મૂકવાંચન કરે.<br>• શુદ્ધ ઉચ્ચારમાં વાંચન કરે.<br>• ગુજરાતી શબ્દકોશ વાંચીને વર્ણાક્ષરોના ક્રમ ઓળખે. |

| ક્ષેત્રો | અપેક્ષિત ક્ષમતા |
|---|---|
| લેખન : | ● સ્વમત લેખિત રૂપે રજૂ કરે.<br>● સુવાચ્ય અક્ષરે, સ્પષ્ટ લેખન કરે.<br>● અનુવાદ કરે.<br>● મુદ્દા પરથી વાર્તા, નિબંધલેખન, પ્રવાસવર્ણન કરે.<br>● પત્રલેખન લખે.<br>● લેખનના નિયમાનુસાર શુદ્ધ લેખન કરે. |
| અધ્યયન કૌશલ્ય : | ● ગુજરાતી ભાષા સાથે અન્ય ભાષા શીખવાનો અભિગમ કેળવે.<br>● પાઠ્યાંશ કે કાવ્યાંશના વાંચન બાદ થયેલી સ્વાનુભૂતિ પ્રગટ કરી શકે.<br>● કલ્પનાશક્તિના વિકાસ દ્વારા સર્જનશક્તિ ખીલે.<br>● સ્વયં મૂલ્યમાપનની ક્ષમતા વિકસે.<br>● સંસ્કાર પોષક સાહિત્ય વાંચનનો અભિગમ કેળવે.<br>● જીવનમૂલ્યો સમજે.<br>● સંગણકમાં ગ્રાફિક્સ, આલેખ, વર્ડ આર્ટ, PPT વગેરેનો ઉપયોગ સમજી વાપરી શકે.<br>● નેટ પરની માહિતી માટે જે તે પેજનું સૌજન્ય દર્શાવતા શીખે. |
| ભાષિક સમજ : | ● આગલા ધોરણની ભાષિક સમજનું પુનરાવર્તન કહે.<br>● લિંગ-વચન ઓળખે અને બદલે.<br>● રૂઢિપ્રયોગોનો યોગ્ય ઉપયોગ કરે.<br>● વાક્યના પ્રકારોથી પરિચિત થાય.<br>● વ્યવહારમાં વ્યાકરણના જ્ઞાનની સમજ કેળવે. |

# અનુક્રમણિકા

## પદ્યવિભાગ


| ક્રમ | પાઠ/કવિતાનું નામ | લેખક/કવિનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | રામ રાખે તેમ રહીએ | મીરાંબાઈ | ૧ | ૭ |
| ૨. | નિર્દોષ પંખીને | કલાપી | ૪ | ૭ |
| ૩. | મહેનતની મોસમ | નાથાલાલ દવે | ૮ | ૭ |
| ૪. | શાને આ રંગ જુદા જુદા ? | નિરંજન સરકાર | ૧૨ | ૭ |
| ૫. | કેમ છે? | ધ્રુવકુમાર ભટ્ટ | ૧૫ | ૭ |
| | વાક્યના પ્રકાર | ભાષિક સમજ | ૨૦ | ૨ |
| | વાંચો, વિચારો, નક્કી કરો | ઉપક્રમ | ૨૧ | ૨ |
| | શબ્દરમત | ઉપક્રમ | ૨૨ | ૧ |
| | ક્રિયાપદ | ભાષિક સમજ | ૨૩ | ૧ |
| | કાળ | ભાષિક સમજ | ૨૪ | ૧ |
| | **ગદ્યવિભાગ** | | | |
| ૧. | વૃદ્ધો - આપણો વારસો | નટુભાઈ ઠક્કર - ‘યાત્રિકા’ | ૨૫ | ૮ |
| ૨. | પંખીઓની મહાસભા | ગિજુભાઈ બધેકા | ૩૦ | ૮ |
| ૩. | વાદવિવાદ | જીવરામ જોષી | ૩૮ | ૮ |
| ૪. | છીંડું | રમેશ ત્રિવેદી | ૪૪ | ૮ |
| ૫. | ના, ના... પ્લાસ્ટિક નહિ જ! | દિવ્યાશા દોશી | ૪૯ | ૮ |
| | વિશેષ ઉપક્રમ | ભાષિક સમજ | ૫૮ | ૨ |
| | ભેજું કસો | ઉપક્રમ | ૫૯ | ૨ |
| | જોડણીભેદથી થતા અર્થભેદ | ઉપક્રમ | ૬૦ | ૨ |
| | વાક્યોને ક્રમમાં ગોઠવો | ઉપક્રમ | ૬૧ | ૨ |
| | માર્ગદર્શક કૃતિપુસ્તિકા | | ૬૨ | |

# ૧ રામ રાખે તેમ રહીએ

મીરાં બાઈ

**મીરાંબાઈ :** રાજસ્થાનના મેડતા ગામમાં જન્મેલાં મીરાંબાઈ મધ્યકાલીન યુગનાં લોકપ્રિય ભક્ત કવયિત્રી છે. તેમને બાળપણથી જ દાદા દુદાજી પાસેથી ધર્મના સંસ્કારો મળ્યા હતા. તેથી જ તેઓ કૃષ્ણભક્તિના રંગે રંગાયેલાં હતાં. મેવાડના રાજવી કુટુંબમાં લગ્ન થયા હોવા છતાં તેમણે ભક્તિનો સંગ ક્યારેય છોડ્યો નહોતો. મેવાડનાં આ સંત કવયિત્રી મીરાંનાં પદોનો મુખ્ય વિષય કૃષ્ણભક્તિનો જ રહ્યો છે. ગુજરાતી, હિન્દી અને વ્રજભાષામાં તેમણે લખેલાં પ્રેમલક્ષણા ભક્તિનાં પદો આજે પણ એટલાં જ લોકપ્રિય છે.

પ્રસ્તુત કવિતામાં મીરાંબાઈ જણાવે છે કે જે આપણી પાસે હોય તેમાં સંતોષ માનવો. 'સંતોષી નર સદા સુખી' એ કહેવત પ્રમાણે આપણે દરેક પરિસ્થિતિમાં સમતા રાખીને સદાય આનંદમાં રહેવું જોઈએ. ભગવાન આપણને જે સમયે જે સ્થિતિમાં રાખે તેનો હર્ષપૂર્વક સ્વીકાર કરીને ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી.

---

રામ રાખે તેમ રહીએ ઓધવજી,
રામ રાખે તેમ રહીએ.
આપણે ચિઠ્ઠીના ચાકર છૈયે ... ઓધવજી...

કોઈ દિન પે'રણ હીર ને ચીર (૨)
તો કોઈ દિન સાદાં રહીએ ... ઓધવજી...

કોઈ દિન ભોજન શીરો ને પૂરી (૨)
તો કોઈ દિન ભૂખ્યાં રહીએ ... ઓધવજી...

કોઈ દિન રહેવાને બાગ બગીચા; (૨)
તો કોઈ દિન જંગલ રહીએ ... ઓધવજી...

કોઈ દિન સૂવાને ગાદી ને તકિયા (૨)
તો કોઈ દિન ભોંય પર સૂઈએ ... ઓધવજી...

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ (૨)
સુખદુ:ખ સર્વે સહીએ ... ઓધવજી...




---

## ● માર્ગદર્શક સ્તંભ ●

પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવીને પ્રસ્તુત કવિતામાં રહેલા હાર્દને સમજાવવું. સુખ અને દુઃખ બંને કાયમી હોતાં નથી. તે તો આવે અને જાય તે બાબત વિવિધ ઉદાહરણો આપીને સમજાવવી. મીરાંબાઈ જેવા અન્ય સંત કવિઓ, ભક્ત કવિઓનો સંક્ષેપમાં પરિચય આપી શકાય. પ્રેમલક્ષણા ભક્તિનું મહત્ત્વ પણ સ્પષ્ટ કરવું.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો.**

(૧) પત્ર (૨) નોકર (૩) વસ્ત્રો (૪) જમીન

(૫) દિવસ (૬) પહેરણ (૭) ઉદ્યાન (૮) વન

**સ. ૨ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો. દા.ત. : સવાર – સાંજ**

(૧) દિન (૨) ગુણ (૩) સુખ (૪) ચાકર

**સ. ૩ જોડણીભેદથી થતા અર્થના ફેરફાર દર્શાવો.**

ઉદા. દિન = દિવસ; દીન = ગરીબ

(૧) પાણિ = ________ ; પાણી = ________

(૨) ચિર = ________ ; ચીર = ________

(૩) પુર = ________ ; પૂર = ________

(૪) વધુ = ________ ; વધૂ = ________

**સ. ૪ નામ લખોઃ**

(૧) મનપસંદ પોશાક ☐ (૨) વાનગી ☐ (૩) ઘરેણાં ☐

**સ. ૫ યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખોઃ**

(૧) ચિઠ્ઠીના ચાકર એટલે ________

(અ) પિતાનો પુત્ર (આ) પ્રભુના સેવક (ઈ) શેઠનો નોકર

(૨) આપણે હંમેશાં રહેવું જોઈએ ________

(અ) રામ રાખે તેમ (આ) મરજી પડે તેમ (ઈ) માતા-પિતા કહે તેમ

(૩) સુખ અને દુઃખ બંને પરિસ્થિતિમાં ________

(અ) શાંતિ રાખવી (આ) સમતા રાખવી (ઈ) સહનશક્તિ રાખવી

**સ. ૬ નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો.**

(૧) કોઈવાર સુંદર વસ્ત્રો પહેરવા મળે તો કોઈવાર આપણે સાદાઈનો આનંદ લેવો જોઈએ.

(૨) કોઈવાર સૂવા ગાદી-તકિયા મળે તો કોઈવાર જમીન પર સૂવાનો વખત પણ આવે.

**સ. ૭ પ્રસ્તુત કવિતામાં કવયિત્રી શું કહેવા માંગે છે તે તમારા શબ્દોમાં લખો.**

★ તમને આવડતી કોઈપણ એક પ્રાર્થના ગાઈ બતાવો.

**સ. ૮ વચન બદલો.**

(૧) બગીચા (૨) જંગલ (૩) તકિયા (૪) બાગ

**સ. ૯ જોડણી સુધારીને શબ્દ ફરીથી લખો.**

(૧) ગીરીધર (૨) સુખદુખ (૩) સરવે (૪) ઓધવજિ

## પ્રકલ્પ

★ મીરાંબાઈનું ચિત્ર દોરો-તેમાં રંગ પૂરો અને નીચે તેમના વિશે ટૂંકમાં લખીને તે વર્ગમાં લગાડો.

## ✪ વિશેષ વાંચન ✪




### "હું લીમડો છું"

હજારો વર્ષોથી ભારતના લોકો મને ચાહે છે. ભૂતકાળમાં મારા ગુણો ઉપયોગી લાગવાથી દવા તરીકે ઉપયોગ થયો. આધુનિક કાળમાં મારી કડવાશને લીધે જંતુનાશક તરીકે વપરાવા લાગ્યો. ઘરઘરમાં અનાજ સંગ્રહ કરવામાં મારાં પાંદડાં વપરાય છે. મારા તેલને છાણમાં ભેળવી થેપલીઓ બનાવીને અનાજ સંગ્રહ માટે સેંકડો વર્ષથી વપરાય છે.

મારાં પાંદડાં, ફળફૂલ, થડની છાલ, મૂળ વગેરે ભાગોમાં રહેતાં કેટલીક જાતનાં રસાયણોનું સંશોધન કરવાનું કામ ભારતમાં અને દુનિયામાં ચાલી રહ્યું છે. તેથી હું દુનિયાનો દોસ્ત બની ગયો છું. મારા અનેકવિધ ઉપયોગો હોવાથી દુનિયાભરના વિજ્ઞાનીઓએ ચાર લીમડા પરિષદો યોજી હતી. હવે હું જગપ્રસિદ્ધ થઈ ગયો છું. તેથી દેશદેશાવરમાં મને સ્થાન મળ્યું છે. હવે અનેક દેશોમાં હજારો લાખો લોકો લીમડાઓ ઉગાડવા લાગ્યા છે.

હું આવતી સદીનું કલ્પવૃક્ષ બની જાઉં તો નવાઈ નહિ!




**ઈશ્વરમાં અડગ શ્રદ્ધા રાખો**

❀ ❀ ❀

3V2400

# ૨ નિર્દોષ પંખીને

**કલાપી**

**સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ :** અમરેલી જિલ્લાના લાઠી ગામના આ કવિ રાજ પરિવારમાં ઉછર્યા હતા. રાજકોટની શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા પછી તેમણે અંગ્રેજી, સંસ્કૃત, ફારસી, ઉર્દૂ વગેરે ભાષાનો અભ્યાસ કર્યો હતો. રાજકીય ખટપટો અને લગ્નજીવન બાબત તેમણે અનેક સંઘર્ષોનો સામનો કર્યો છે. 'કલાપીનો કેકારવ' તેમનો સુંદર કાવ્યસંગ્રહ છે.

પ્રસ્તુત કાવ્યમાં કવિના હૃદયમાં રહેલી પક્ષી પ્રેમની સંવેદના ભારોભાર પ્રગટ થયેલી છે. પંખી ઉપર ફેંકાયેલા પથ્થરથી તેઓ સખત આઘાત અનુભવે છે. તરફડતા પંખીની વેદનાને કવિએ જે વાચા આપી છે તેનાથી આપણું હૃદય પણ વ્યથિત થઈ જાય છે. અંતે અફસોસ વ્યક્ત કરતાં કવિ કહે છે કે, ''મારાથી ડરી ગયેલા આ પંખીએ હંમેશ માટે શ્રદ્ધા ગુમાવી દીધી હોવાથી તે ફરી પાછી આવવાની નથી. હૃદયમાં લાગેલો કારમો ઘા ભૂલી શકવો સરળ નથી.'' હવે પંખી પોતાની પાસે નહિ જ આવે અને કદાચ આવશે તોપણ ફરીથી ઊડી જવા માટે જ. તેની વ્યથાથી કવિના હૃદયમાં થયેલો વલોપાત આ કાવ્યમાં વેધક રીતે પ્રગટ થયેલો છે.

**(મંદાક્રાંતા)**

તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો;
છૂટ્યો તે, ને અરર પડી ફાળ હૈયા મહીં તો.
રે રે ! લાગ્યો દિલ પર, અને શ્વાસ રૂંધાઈ જાતાં;
નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતામાં.

મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મારાજથી આ;
પાણી છાંટ્યું દિલ ધડકતે, તોય ઊડી શક્યું ના.
ક્યાંથી ઊઠે ? જખમ દિલનો ક્રૂર હસ્તે કરેલો;
ક્યાંથી ઊઠે ? હૃદય કુમળું છેક તેનું અહોહો.

આહા ! જો, જો કળ ઊતરીને આંખ તો ઊઘડી એ;
મૃત્યુ થાશે, જીવ ઊગરશે, કોણ જાણી શકે એ ?
જીવ્યું આહા ! મધુર ગમતાં ગીત ગાવા ફરીને;
આ વાડીનાં મધુર ફળને ચાખવાને ફરીને.


રે રે ! કિન્તુ ફરી કદી હવે પાસ મ્હારી ન આવે,
આવે ત્હોયે ડરી ડરી અને ઇચ્છતું ઊડવાને;
રે રે ! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે,
લાગ્યા ઘાને વીસરી શકવા કાંઈ સામર્થ્ય ના છે.



## ● માર્ગદર્શક સ્તંભ ●

કાવ્યનું ભાવવાહી ગાન કરાવ્યા પછી તેને પ્રશ્નોત્તરની મદદથી સમજાવવું. પશુ-પંખી પ્રેમ માટે વિદ્યાર્થીઓને જાગૃત કરવા. મનુષ્ય પોતાના સ્વાર્થ ખાતર નિર્દોષ પશુ-પક્ષીઓનું નિકંદન કાઢતો રહે છે. આપણે પશુ-પંખીના બચાવ માટે શું શું કરી શકીએ તેની ચર્ચા કરી વિદ્યાર્થીઓના વિચારો જાણી જરૂર લાગે ત્યાં વધારાની માહિતી આપી તેમને યોગ્ય માગદર્શન આપવું.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) હાથ (૨) ઘા (૩) નાજુક (૪) મીઠા
(૫) વિશ્વાસ (૬) તાકાત (૭) થડકો (૮) ભૂલવું

**સ. ૨ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો. દા. ત. : ક્રૂર – દયાળુ**

(૧) જીવન (૨) મધુર (૩) ગમતાં (૪) સામર્થ્ય

**સ. ૩** 'હૃદય' માટે કાવ્યમાં વપરાયેલા અન્ય શબ્દો અને તમે જાણતા હો તે પણ લખો.

**સ. ૪ રેખાંકિત રૂઢિપ્રયોગોને સ્થાને કૌંસમાં આપેલા રૂઢિપ્રયોગ વાપરીને વાક્ય ફરીથી લખો.**

(શ્વાસ રુંધાઈ જવો, ફાળ પડવી, કળ વળવી, શ્રદ્ધા ડગી જવી.)

(૧) વિપરીત પરિસ્થિતિમાં માણસ પ્રભુ ઉપરનો <u>વિશ્વાસ ગુમાવી દે</u> છે.
(૨) અકસ્માત થવાના સમાચાર સાંભળીને મને <u>ધ્રાસકો પડયો</u>.
(૩) સરઘસમાં અતિશય ભીડને કારણે મને <u>ગૂંગળામણ થવા લાગી</u>.
(૪) અચાનક બારણામાં આંગળી આવી જવાથી પાંચ મિનિટ પછી <u>પીડા ઓછી થઈ</u>.

**સ. ૫ કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડો :**

| (અ) | (બ) |
|---|---|
| (૧) રે રે ! શ્રદ્ધા ગત થઈ પછી | (૧) પાંખ ઢીલી થતામાં. |
| (૨) જીવ્યું આહા ! મધુર ગમતાં | (૨) ક્રૂર હસ્તે કરેલો. |
| (૩) ક્યાંથી ઊઠે ? જખમ દિલનો | (૩) કોઈ કાળે ન આવે. |
| (૪) નીચે આવ્યું તરુ ઉપરથી | (૪) ગીત ગાવા ફરીને. |

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાકય ફરીથી લખો.**

(૧) પંખીને હોંશમાં લાવવા ________

(અ) તેને વૃક્ષની છાયામાં રાખ્યું.

(આ) તેને પ્રેમથી પંપાળ્યું.

(ઈ) તેના ઉપર પાણી છાંટયું.

(૨) પંખી ________ ઉપરથી નીચે પડયું.

(અ) આકાશ

(આ) ઝાડ

(ઈ) છાપરા

(૩) એકવાર ________ ગઈ પછી પાછી આવતી નથી.

(અ) શ્રદ્ધા

(આ) સ્થિતિ

(ઈ) કિંમત

**સ. ૭ ચાલો, સમજીને લખીએ.**

| | | |
|---|---|---|
| (૧) કવિએ પથરો ફેંકયો | – | |
| (૨) કવિ પંખીની સારવાર કરે છે | – | |
| (૩) છેલ્લે કવિ અફસોસ કરે છે | – | |
| (૪) કવિતાના કવિનું પૂરું નામ | – | |

**સ. ૮ 'મારું પ્રિય પક્ષી' વિશે અથવા 'ઘાયલ પક્ષીની સારવાર તમે કેવી રીતે કરશો' તે તમારા શબ્દોમાં લખો.**

★ બે-બે વિદ્યાર્થીઓના જૂથ બનાવીને 'પિંજરાનું પક્ષી' અને 'સ્વતંત્ર પક્ષી' બની સંવાદ સાધો.

**સ. ૯ ઉદાહરણ પ્રમાણે કૌંસમાં આપેલા ક્રિયાપદનું યોગ્યરૂપ ખાલી જગ્યામાં લખો.**

દા.ત. પક્ષીઓ (ગમવું) ગમતાં ગીતો ગાય છે.

(૧) (ઊગવું) ________ સૂરજનાં કિરણો કોમળ હોય છે.

(૨) આકાશમાં (ઊડવું) ________ પંખીને ઈજા ન પહોંચાડાય.

(૩) (ખીલવું) ________ ફૂલો પર ભમરાં મંડરાતાં હતાં.

(૪) (તરફડવું) ________ પંખીને જોઈ કવિનું હૃદય દ્રવી ઊઠયું.

(૫) (ધડકવું) ________ દિલે તેને પંપાળ્યું.

**સ. ૧૦ વિશેષણ ઓળખીને રેખાંકિત કરો.**

(૧) જખમ દિલનો ક્રૂર હસ્તે કરેલો.

(૨) મધુર ગમતાં ગીત ગાવા ફરીને.

(૩) મધુર ફળને ચાખવાને ફરીને

(૪) હૃદય કુમળું છેક તેનું અહોહો.

## પ્રકલ્પ

★ ઋતુ બદલતાં કેટલાંક પક્ષીઓ સ્થળાંતર કરતાં હોય છે. આવાં સ્થળાંતર કરતાં પંખીઓની માહિતી ઈન્ટરનેટ પરથી મેળવીને સુંદર આલ્બમ બનાવો.



## ✪ વિશેષ વાંચન ✪

એક વર્ષો જૂનું મંદિર હતું. કેટલાંક શ્રદ્ધાળુઓએ સાથે મળીને આ મંદિરના જીર્ણોદ્ધારની કામગીરી શરૂ કરી. મંદિરમાં વર્ષોથી રહેતાં કબૂતર મૂંઝાયાં કે હવે આપણે રહેવા ક્યાં જઈશું? બાજુમાં આવેલી મસ્જિદમાં રહેતાં કબૂતરોને આ વાતની ખબર પડતાં આ કબૂતરોએ મંદિરમાં રહેતાં કબૂતરોને થોડા મહિના મસ્જિદમાં રહેવા આમંત્રણ પાઠવ્યું. મંદિરનાં બધાં જ કબૂતરો રહેવા માટે મસ્જિદમાં ગયાં.

આ વિસ્તારમાં એક ચર્ચ પણ હતું. ચર્ચનાં કબૂતરોને પણ જાણ થઈ કે મંદિરનાં કબૂતરો હાલ મસ્જિદનાં કબૂતરો સાથે આશરો લઈ રહ્યાં છે. ચર્ચનાં કબૂતરો મસ્જિદમાં ગયાં અને ત્યાં આશરો લેતાં મંદિરનાં કબૂતરોને ચર્ચના મહેમાન બનવા વિનંતિ કરી. મંદિરનાં કબૂતર થોડા દિવસ ચર્ચમાં પણ ગયાં. આ કબૂતરો થોડા દિવસ ગુરુદ્વારા ને થોડા દિવસ દેરાસરનાં કબૂતરના પણ મહેમાન બન્યાં.

મંદિરનું બાંધકામ પૂર્ણ થતાં કબૂતર ફરીથી પોતાના મૂળ સ્થાને પરત ફર્યાં. કબૂતરના એક નાના બચ્ચાએ એમના વડીલને પૂછ્યું, ''દાદા, આપણે થોડા મહિના સુધી બધી જગ્યાએ ફર્યાં. ત્યાં મેં જોયું કે જે લોકો મંદિરમાં આવે એને હિન્દુ કહેવાય, મસ્જિદમાં આવે એને મુસ્લિમ કહેવાય, ચર્ચમાં આવે એને ઈસાઈ કહેવાય, ગુરુદ્વારામાં આવે એને શીખ કહેવાય અને દેરાસરમાં જાય એને જૈન કહેવાય, આવું કેમ?'' વડીલ કબૂતરે કહ્યું, ''બેટા, એ બધા જુદાંજુદાં ધર્મ પાળે છે માટે જુદાંજુદાં નામે ઓળખાય છે.''

બચ્ચાને આ જવાબથી સંતોષ ન થયો એટલે બીજો પ્રશ્ન કર્યો, ''દાદા, આપણે મંદિરમાં હોઈએ ત્યારે અને મસ્જિદમાં હોઈએ ત્યારે પણ કબૂતર જ કહેવાઈએ. આપણે એકસરખાં દેખાઈએ એમ આ લોકો પણ દેખાવમાં સરખા જ છે તો પછી એ મંદિર કે મસ્જિદમાં, હિન્દુ-મુસ્લિમને બદલે માણસ તરીકે કેમ ન ઓળખાય?'' વડીલ કબૂતરે નાના બચ્ચાને વહાલ કરતાં કહ્યું, ''બેટા, આપણે બુદ્ધિ વગરનાં પક્ષીઓ છીએ અને માણસો બહુ બુદ્ધિશાળી છે એટલે એમણે એમની બુદ્ધિનો ઉપયોગ કરીને ભેદભાવ ઊભા કર્યા છે.''

હે પ્રભુ! આપને એટલી જ પ્રાર્થના છે કે ભેદભાવ ઊભા કરતી અમારી બુદ્ધિને કુંઠિત કરજો અને આપની રચેલી સૃષ્ટિના પ્રત્યેક માનવને પ્રેમ કરી શકીએ એવું કબૂતર જેવું ભોળપણ આપજો.

**– શૈલેષ સગપરિયા**

**હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.**

3VAZFD

❀ ❀ ❀

# ૩ મહેનતની મોસમ

નાથાલાલ દવે

**નાથાલાલ દવે :** સૌરાષ્ટ્રના ભૂવા ગામમાં જન્મેલા આ બ્રાહ્મણ કવિએ કાવ્યો ઉપરાંત ટૂંકી વાર્તાઓના ક્ષેત્રે પણ કલમ ચલાવી છે. 'જાહ્નવી', 'કાલિન્દી' એમના કાવ્યસંગ્રહો છે.

પ્રસ્તુત કૃતિમાં ખેડૂતના શ્રમનો મહિમા ગવાયો છે. પાક લણવાની ઋતુને મહેનતની મોસમ કહી છે. વરસાદ સારો થાય ત્યારે સારો પાક થાય તેથી ખેડૂતોના જીવનમાં ઉલ્લાસ, આનંદ વ્યાપે છે. પોતાના ખેતરમાં કરેલી મહેનતનું સુંદર ફળ અનાજ રૂપે મળતાં ખેડૂતો આનંદથી નાચી ઊઠે છે તેનું સુંદર વર્ણન આ કાવ્યમાં કરેલું છે.



સોનાવરણી સીમ બની,
મેહુલિયે કીધી મ્હેર રે !
ભાઈ ! મોસમ આવી મહેનતની !

નદીઓનાં જળ નીતર્યાં,
લોકોમાં લીલાલ્હેર રે ! – ભાઈ ! મોસમ.

લીલો કંચન બાજરો,
ને ઊજળો દૂધ કપાસ રે ! – ભાઈ ! મોસમ.

જુવાર લોથે લૂમેઝૂમે,
ને હૈયામાં હુલ્લાસ રે. – ભાઈ ! મોસમ.

ઉપર ઊજળા આભમાં,
કુંજડિયુંના કલ્લોલ રે. – ભાઈ ! મોસમ.

વાતા મીઠા વાયરા,
ને લેતા મોલ હિલોળ રે. - ભાઈ ! મોસમ.

લિયો પછેડી દાતરડાં,
આજ સીમ કરે છે સાદ રે. - ભાઈ ! મોસમ.

રંગે સંગે કામ કરીએ,
થાય મલક આબાદ રે. - ભાઈ ! મોસમ.


લીંપીગૂંપી ખળાં કરો,
લાવો ઢગલેઢગલા ધાન રે. - ભાઈ ! મોસમ.

રળનારો તે માનવી,
ને દેનારો ભગવાન રે. - ભાઈ ! મોસમ.

## માર્ગદર્શક સ્તંભ

ખેતીપ્રધાન ભારત દેશ વિશેનું વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન જાણી લીધા પછી કાવ્યનું સમૂહગાન કરાવવું. પ્રશ્નોત્તર તેમજ ચર્ચા કરીને કાવ્યનું અધ્યાપન કરતાં કરતાં આધુનિક ખેતી અને વરસાદનો પરસ્પર સંબંધ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વગેરે બાબતની માહિતી આપી શકાય. શ્રમના મહિમા વિશે સક્રિય ચર્ચા કરી વિદ્યાર્થીઓમાં ‘શ્રમપ્રતિષ્ઠા’નું મૂલ્ય વિકસાવી શકાય.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) ઋતુ (૨) પાક (૩) આનંદ (૪) પવન
(૫) પ્રદેશ (૬) ખડકલો (૭) કમાનારો (૮) અનાજ

**સ. ૨ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. તમારો જવાબ કૌંસમાં આપેલા શબ્દોમાંથી પસંદ કરો.**

(દાતરડું, પછેડી, ખાતર, ખળું, સીમ, હળ)

દા.ત. જમીન ખેડવા બળદને જોડીને વપરાતું સાધન - <u>હળ</u>

(૧) ખેતર કે ગામની હદ ________.
(૨) પાક બાંધવા, પાથરવા માટે વપરાતું ચાદર જેવું કપડું ________.
(૩) કણસલાં ગૂંદીને કે ઝૂડીને અનાજ કાઢવાની જગા ________.
(૪) ખેતર ફળદ્રુપ બનાવવા વપરાતી વસ્તુ ________.
(૫) પાક લણવા, ઘાસ કાપવા માટેનું સાધન ________.

**સ. ૩ અનુસ્વારથી અર્થમાં થતો ફેરફાર લખો.**

દા.ત. જગ - દુનિયા; જંગ - લડાઈ

(૧) રજ - ________ ; રંજ - ________
(૨) બગલો - ________ ; બંગલો - ________
(૩) બાગ - ________ ; બાંગ - ________
(૪) કસ - ________ ; કંસ - ________
(૫) નદી - ________ ; નંદી - ________

**સ. ૪** કાવ્યમાં આવેલા તળપદા શબ્દોની યાદી બનાવો.

**સ. ૫ 'ઊજળું દૂધ જેવું' આ શબ્દપ્રયોગમાં તીવ્રતા દર્શાવી છે, તેવી રીતે નીચે તીવ્રતા દર્શાવતાં નામ લખો.**

(૧) રાતું ________ જેવું (૨) કડવું ________ જેવું
(૩) ખારું ________ જેવું (૪) કાળું ________ જેવું

**સ. ૬ નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો.**

(૧) લોકોના હૈયામાં આનંદ છવાઈ ગયો છે.
(૨) લણણી કરવાનું સમજાય છે.

**સ. ૭ યોગ્ય રીતે જોડી બનાવો.**

| | |
|---|---|
| (૧) સોનાવરણી | કપાસ |
| (૨) લીલો કંચન | વાયરા |
| (૩) ઊજળો દૂધ જેવો | ધાન |
| (૪) મીઠા | સીમ |
| (૫) ઢગલેઢગલા | બાજરો |

**સ. ૮ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્યો પૂરાં કરો.**

(૧) મેહુલિયાની મહેરથી સીમ ________
(અ) લીલીછમ બની છે. (આ) સુગંધિત બની છે. (ઈ) સોનાવરણી બની છે.

(૨) લોકોમાં લીલાલહેર છે કારણ કે ________
(અ) વરસાદ સારો થયો છે. (આ) વરસાદ સારો થવાથી પાક સારો થાય છે.
(ઈ) વરસાદ સારો થવાથી પાણીની તંગી નહિ પડે.

(૩) મલક આબાદ થાય છે ________
(અ) સાથે મળીને ખુશીથી રહેવાથી (આ) સાથે મળીને મોજમજા કરવાથી
(ઈ) સાથે મળી, મહેનત કરી, એકબીજાને મદદ કરવાથી

(૪) લીંપીગૂંપીને ખળાં તૈયાર રાખો કારણ કે ________
(અ) ધાનના ઢગલા થશે. (આ) પાંદડાંના ઢગલા થશે. (ઈ) બિયારણના ઢગલા થશે.

**સ. ૯ 'પરિશ્રમ એ જ પારસમણિ' વિશે તમારા પોતાના શબ્દોમાં લખો.**

★ 'મહેનતનાં ફળ મીઠાં' કહેવતને સાર્થક કરતાં પ્રસંગનું વર્ણન કરો.

**સ. ૧૦ નમૂના પ્રમાણે કરો : દા.ત. કરવું – કીધું**

(૧) ખાવું (૨) પીવું (૩) લેવું
(૪) દેવું (૫) બીવું

## પ્રકલ્પ

★ ઈન્ટરનેટ ઉપરથી આધુનિક ખેતી વિશેની માહિતી ભેગી કરીને ચિત્રસહિત એક પ્રકલ્પ તૈયાર કરો.

## લેખન કૌશલ્ય



### મુદ્દા ઉપરથી વાર્તા

★ **ધ્યાનમાં રાખવાના મુદ્દા**

- સૌપ્રથમ આપેલા મુદ્દા ધ્યાનપૂર્વક વાંચીને મનમાં સંપૂર્ણ વાર્તાની આછી રૂપરેખા તૈયાર કરવી.
- મુદ્દાનો ક્રમ જાળવી રાખવો.
- વાર્તા ભૂતકાળમાં જ લખવી.
- વાર્તાને યોગ્ય શીર્ષક આપવું.
- યોગ્ય લાગે ત્યાં વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરવો.
- વાર્તા અત્યંત સરળ ભાષામાં લખવી.
- છેલ્લે એકાદ-બે વાક્યમાં વાર્તામાંથી મળતો બોધ જરૂર લખવો.

★ **નીચેના મુદ્દાને આધારે વાર્તા લખીને યોગ્ય શીર્ષક આપો.**

રાજાનો મહેલ - મધરાતે ચોરનું આવવું - ચોરનું વ્રત - દરવાનનું રોકવું - અર્ધો ભાગ આપવાની શરત - ચોરનું પકડાઈ જવું - શિક્ષા - દરવાનને અર્ધો ભાગ આપવા વિનંતી - પરિણામ - બોધ

### સત્યવાદી ચોર

એક મોટા નગરમાં એક ચોર નાની-મોટી ચોરી કરીને પોતાનું પેટ ભરતો હતો. આ ચોરે હંમેશાં સાચું બોલવાનું વ્રત લીધું હતું. એકવાર મધરાતે આ ચોર રાજાના મહેલમાં ચોરી કરવા ગયો. મહેલના દરવાજે એક દરવાન ચોકી-પહેરો કરતો હતો. તેણે ચોરને પૂછ્યું, ''શા માટે આવ્યો છે?'' ચોર સત્યવાદી હતો. તેણે કહ્યું, ''ચોરી કરવા આવ્યો છું.'' દરવાન લાલચુ હતો. તેણે ચોરને કહ્યું, ''તને જે કંઈ માલ મળે તેમાંથી અડધો ભાગ મને મળે તો અંદર જવા દઉં.'' ચોરે દરવાનની વાત કબૂલ રાખી. તેથી તેણે ચોરને મહેલમાં જવા દીધો.

મહેલમાં જતાં જ રાજાના સિપાઈઓએ ચોરને પકડી લીધો. બીજા દિવસે રાજસભામાં ચોરને બોલાવી તેને ૫૦ ફટકા મારવાની સજા સંભળાવી. ચોરે રાજાને વિનંતી કરી : ''મહારાજ, મને જે કંઈ મળે તેનો અડધો હિસ્સો મારા સાથીદારને આપવાનો છે. માટે ૨૫ ફટકા તેને મળવા જોઈએ.'' રાજાએ ચોરને તેના સાથીદારનું નામ પૂછ્યું. ચોરે દરવાન તરફ આંગળી ચીંધી. આ જોઈને રાજાના ક્રોધનો પાર ન રહ્યો. તેણે દરવાનને કડકમાં કડક સજા ફટકારી અને આવા પ્રામાણિક ચોરને માફ કરી રાજાએ ઉચ્ચ હોદ્દો આપી નોકરીએ રાખી લીધો, જેથી તેને ચોરીનો ધંધો કરવો ન પડે.

આ વાર્તા ઉપરથી આપણે એ બોધ લેવાનો છે કે આપણે હંમેશાં સાચું બોલવું જોઈએ. બીજો બોધ એ કે આપણે આપણી ફરજ પ્રામાણિકતાથી બજાવવી જોઈએ.

**પરિશ્રમ એ જ પારસમણિ**

❀ ❀ ❀

3VJVH1

# ૪ શાને આ રંગ જુદા-જુદા ?

**શ્રીકાંત વલ્લભદાસ શાહ**

**શ્રીકાંત વલ્લભદાસ શાહ :** તેમનો જન્મ જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામે થયો હતો. નિવૃત્ત અધ્યાપક હોવા છતાં તેમણે નાટકો, એકાંકીઓ, કવિતા, નવલકથા વગેરે ક્ષેત્રે સારું એવું યોગદાન આપ્યું છે. ગુજરાત સાહિત્ય પરિષદ, ગુજરાત રાજ્ય સરકાર અને ગુજરાત સાહિત્ય અકાદમીએ તેમને અનેક પારિતોષિક આપ્યાં છે. 'નિરંજન સરકાર' તેમનું તખલ્લુસ છે.

પ્રસ્તુત કૃતિમાં કવિએ કુદરતના વિવિધ રંગોની છટાને સુંદર રીતે વ્યક્ત કરી છે. ધરતી, ફૂલો, પંખીઓ વગેરેની વિવિધ રંગછટાઓને રંગનારો ઈશ્વર કેવો રંગીલો છે તેની વાત કરી છે. દુનિયાને રંગબેરંગી બનાવનાર રંગારો અર્થાત્ ઈશ્વર એવો અદ્ભુત છે કે જેણે સમગ્ર સૃષ્ટિને આકર્ષક બનાવી છે.


---

શાને આ રંગ જુદા જુદા ?
નિત નિત ખીલતાં ફૂલડાં નવરંગી,
પેલી ધરતીના રંગ જુદા જુદા !
શાને આ રંગ જુદા જુદા ?

કોયલનો રંગ કાળો, કંઠ છે સોહામણો !
પેલા મોરલાના રંગ જુદા જુદા !
શાને આ રંગ જુદા જુદા ?

ચાંદાનો રંગ જુદો, સૂરજનો રંગ જુદો !
પેલા આભલામાં રંગ જુદા જુદા !
શાને આ રંગ જુદા જુદા ?

દુનિયાને રંગનારો કેવો રંગીલો !
જેણે ઢોળ્યા છે રંગ જુદા જુદા !
શાને આ રંગ જુદા જુદા ?




---

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિ સમજાવતાં પહેલાં કુદરતનાં વિવિધ તત્વોની સુંદરતાની માહિતી આપી શકાય. વહેલી પરોઢે મંદિરમાં થતાં ઘંટારવના કે પછી સમી સાંજના દરિયા કિનારાના દૃશ્યને નિહાળ્યા પછી તેના વિશેની નોંધ કરવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી, જેથી બાળકોની મૌલિક સર્જનશક્તિને ખીલવાની પૂરેપૂરી તક મળે.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) દરરોજ (૨) પૃથ્વી (૩) શોભાયમાન (૪) આકાશ

(૫) મયુર (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ગળું

**સ. ૨ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો. દા. ત. : દિવસ – રાત**

(૧) ખીલવું (૨) ધરતી (૩) કાળો (૪) સોહામણો

**સ. ૩** મેઘધનુષમાં સમાયેલા વિવિધ રંગોને તેના યોગ્ય ક્રમમાં લખો.

**સ. ૪ કોણ શું કરે ?**

(૧) રંગારો (૨) કઠિયારો (૩) મણિયારો

(૪) કંસારો (૫) કાછિયો (૬) સલાટ

**સ. ૫ સમજીને લખો.**

(૧) કવિને દેખાતી રંગની જુદાઈ - (૨) કોયલની વિશેષતા -

(૩) ચાંદા-સૂરજના રંગમાં તફાવત - (૪) દુનિયાને રંગનારો -

**સ. ૬ યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો.**

(૧) નિત નિત ખીલતાં ફૂલડાં ________

(અ) પચરંગી છે. (આ) નવરંગી છે. (ઈ) સપ્તરંગી છે.

(૨) કોયલનો રંગ કાળો અને કંઠ ________

(અ) સોહામણો છે. (આ) ડરામણો છે. (ઈ) રળિયામણો છે.

(૩) આ કાવ્યમાં વર્ણવાયેલી કલાત્મકતાના સર્જક ________ છે.

(અ) ચિત્રકાર (આ) શિલ્પકાર (ઈ) ઈશ્વર

**સ. ૭ કુદરતની વિવિધતાને તમારા શબ્દોમાં વર્ણવો.**

★ ''જો મને પાંખ હોય તો ?'' વિષય ઉપર તમારા વિચારો વર્ગ સમક્ષ રજૂ કરો.

**સ. ૮ કૌંસમાં આપેલા વિશેષણને યોગ્ય સ્થાને મૂકો.**

(પચરંગી, તિરંગો, નવરંગી, સપ્તરંગી, રંગબેરંગી, રંગહીન)

(૧) ________ ઝંડો (૨) ________ મેઘધનુષ

(૩) ________ પાઘડી (૪) ________ ચૂંદડી

(૫) ________ ફૂલડાં (૬) ________ પાણી

**સ. ૯ વચન બદલો.**

(૧) રંગ (૨) ફૂલડાં (૩) મોરલો (૪) પક્ષી

**સ. ૧૦ નીચેનાં વાક્યોનું બહુવચનમાં રૂપાંતર કરો.**

(૧) કોયલનું ગીત સાંભળવું ગમે છે.

(૨) રંગબેરંગી પતંગિયું પકડવાની બહુ મજા આવે.

(૩) ફૂલથી બગીચો શોભે છે.

(૪) મોરલો સુંદર કળા કરીને નાચે છે.

(૫) ચણ ચણતાં પક્ષીથી આંગણું શોભે છે.

## પ્રકલ્પ

★ તમને ગમે તેવું કુદરતી દશ્ય દોરી તેમાં મનગમતા રંગો પૂરી વર્ગમાં લગાડો.

## લેખન કૌશલ્ય



## નિબંધ લેખન

### નિબંધ લખતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા

★ વિષયને અનુરૂપ મુદ્દાની નોંધ કર્યા પછી તેની ક્રમાનુસાર માંડણી કરવી.

★ દરેક મુદ્દા વિશે ફકરા પાડીને લખો. વાક્યો સરળ ભાષામાં અને ટૂંકમાં લખો.

★ વિષયને અનુરૂપ રૂઢિપ્રયોગ કે કહેવતોનો ઉપયોગ તમારા નિબંધને આકર્ષક બનાવશે.

★ શરૂઆતમાં ભૂમિકા, વચ્ચે વિષય અને છેલ્લે ઉપસંહાર એ રીતે ફકરા પાડવા.

**મારો પ્રિય તહેવાર**

જીવનની રોજિંદી ઘટમાળથી કંટાળેલો માનવી ઉત્સવ આવે ત્યારે ઉત્સાહિત થઈ જાય છે. શુષ્ક જીવન જીવંત બને છે. ઉત્સવ એટલે જ તહેવાર. તહેવારોમાં, તેની વિવિધતામાં આપણા દેશની એકતાનાં દર્શન થાય છે. મારો સૌથી પ્રિય તહેવાર એટલે ઉતરાણ. ઉતરાણને ધાર્મિક અને સામાજિક ઉત્સવ કહી શકાય.

દર વર્ષે ઉતરાણ ૧૪મી જાન્યુઆરીએ આવે છે. તેનું બીજું નામ ‘મકરસંક્રાંતિ’ છે. વળી તે ‘ઉત્તરાયણ’ તરીકે પણ ઓળખાય છે.

આ તહેવારની સૌથી વધુ મજા તો મકાનોના ધાબા કે છાપરાં પર જ હોય છે. છેક વહેલી સવારથી જ નાનાં-મોટાં સૌ પતંગ ચગાવવાની મજા માણે છે. આખું આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. એટલું જ નહિ પરંતુ પતંગ ચગાવવાની સાથે-સાથે પેચ લડાવવાની પણ મજા આવે છે. ‘કાપ્યો છે... કાપ્યો છે’ ના નારાથી વાતાવરણ ગુંજી ઊઠે છે. સાથે જ તલની ચીકી, બોર, શેરડી વગેરે ખાતા જાય છે અને મજા લૂંટતા જાય છે. રાતે પતંગની સાથે તુક્કલ ચગાવાય છે. તુક્કલને કાપવાની મજા પણ કંઈ ઓર જ છે. વળી કપાયેલા પતંગોને લૂંટવાની મજાનો આનંદ જ અનેરો છે.

ઈન્ટરનેશનલ ‘કાઈટ ફેસ્ટિવલ’નું આયોજન પણ થતું હોય છે. જેમાં દેશવિદેશમાંથી પતંગ રસિયા ખેલાડીઓ ભાગ લેવા આવે છે.

આનંદ અને ઉત્સાહના અતિરેકથી ઉજવાતો આ તહેવાર કેટલીક સાવચેતી પણ માંગી લે છે. ઘણી વાર ધાબેથી પડી જવાના, રસ્તા પરના અકસ્માત જેવી દુર્ઘટનાઓ પણ બને છે. વળી પતંગના માંજાથી આકાશમાં ઊડતાં નિર્દોષ પંખીઓ પણ ઘવાઈને મૃત્યુ પામે છે. આ બાબતે અત્યંત સાવધાની રાખવી જરૂરી છે.

આપણો આ ભારતીય ઉત્સવ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ પામ્યો છે. તે આપણા માટે ગૌરવની બાબત ગણાય.

3VTRIN

**કુદરતના સાંનિધ્યમાં મળતી શાંતિ દુર્લભ છે.**

❀ ❀ ❀

# ૫ કેમ છે?

ધ્રુવકુમાર ભટ્ટ

**ધ્રુવકુમાર પ્રબોધરાય ભટ્ટ :** મોરબીના વતની આ કવિ નવલકથાકાર તરીકે પણ જાણીતા છે. બાળ સાહિત્યક્ષેત્રે પણ તેમનું પ્રદાન નોંધપાત્ર છે. બાળસાહિત્ય ક્ષેત્રે તેમનું ઉત્તમ સર્જન એટલે 'શ્રૃણવંતુ' કાવ્યસંગ્રહ છે. 'અગ્નિકન્યા' તેમની નવલકથા છે. તો 'ખોવાયેલું નગર' પણ શ્રેષ્ઠ સર્જન છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા તેમના શ્રેષ્ઠ સર્જનને નવાજવામાં આવ્યું છે. અહીં આપણે તેમના એક સુંદર ગીતને લીધું છે.

પ્રસ્તુત ગેય ગીતમાં જીવનને આનંદપૂર્વક માણવાની વાત કરી છે. જીવનના કોઈપણ તબક્કે સકારાત્મક દૃષ્ટિકોણ અપનાવીએ તો ક્યારેય દુ:ખનો અહેસાસ પણ થતો નથી. દુ:ખમાં પણ કેવી રીતે સુખને શોધવું તે જુદાંજુદાં ઉદાહરણો દ્વારા કવિએ સરળ શબ્દોમાં સમજાવ્યું છે. આપણે હંમેશાં આનંદમાં રહેવું જોઈએ.

વિષમ પરિસ્થિતિમાં પણ ભગવાનની કૃપાને ભૂલવી જોઈએ નહિ. જીવનમાં ક્યારેક એકલતા સાલે તો પણ કવિને મેળામાં હોવાની જ પ્રતીતિ થાય છે. કુદરતના સાંનિધ્યમાં જ કવિને પોતાની સમૃદ્ધિ જણાય છે. દુ:ખના સમયે પણ હૃદયની સૌમ્યતાને-સંવેદનાને ભૂલવાની કવિ ના પાડે છે. કારણકે દરિયાને ક્યારેય ભરતી કે ઓટના હિસાબની પરવા હોતી નથી. તે પોતાની મોજમસ્તીમાં રહે છે. સૂરજ પણ ઊગે અને આથમે પણ આકાશને તેની કોઈ અસર થતી નથી.

ઓચિંતું કોઈ મને રસ્તે મળે
ને કદી ધીરેથી પૂછે કે કેમ છે?
આપણે તો કહીએ કે દરિયાશી મોજમાં
ને ઉપરથી કુદરતની રહેમ છે.
ફાટેલાં ખિસ્સાંની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ.
એકલો ઊભું ને તોય મેળામાં હોઉં એવું
લાગ્યા કરે છે મને રોજ.
તાળું વસાય નહીં એવડી પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે.
આપણે તો કહીએ કે...
આંખોમાં પાણી તો આવે ને જાય.
નથી ભીતર ભીનાશ થતી ઓછી.
વધ-ઘટનો કાંઠાઓ રાખે હિસાબ



નથી પરવા સમંદરને હોતી.
સૂરજ તો ઊગે ને આથમીયે જાય
મારી ઉપર આકાશ એમનેમ છે
આપણે તો કહીએ કે...

## ● માર્ગદર્શક સ્તંભ ●

આ કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓને ખાસ સમજાવવું કે જીવન ભગવાને આપેલી અમૂલ્ય ભેટ છે. તેથી તેને મન ભરીને માણી લેવાનું છે. સાચા અર્થમાં જીવવાનું છે. જીવનમાં સુખ કે દુઃખ કોઈપણ પરિસ્થિતિ આવે તો તે ભગવાનની મરજી સમજીને સ્વીકારી લેવી. સુખમાં છકી ન જવું તેમ દુઃખમાં હિંમત ન હારવી.


સૂર્યોદય, સૂર્યાસ્ત અને આકાશની પરિસ્થિતિ વિશે પ્રશ્નો પૂછીને કાવ્યમાં તે ઉદાહરણનો મર્મ છુપાયેલો છે તે સમજાવવો.

ભૂગોળના વિષય સાથે અનુબંધ બાંધવા ભૌગોલિક પ્રશ્નો પૂછીને દરિયો, પૂનમ, ભરતી, ઓટ, અમાસ વગેરે બાબતોની માહિતી વિદ્યાર્થીઓ પાસેથી મેળવવી અને કાવ્યના સંદર્ભે તેની વિસ્તૃત છણાવટ કરવી.

પ્રશ્નોની મદદથી જ સદ્‌ગુણોની યાદી તૈયાર કરાવવી. નૈતિક મૂલ્યોની યાદી પણ તૈયાર કરાવવી અને પછી તેને જીવનમાં અપનાવવાની જરૂરિયાત ઉપર પ્રકાશ પાડવો.

એકલતામાં ભીડ અને ભીડમાં એકલતાને યોગ્ય સંદર્ભ સાથે છણાવટ કરી મનુષ્ય સામાજિક પ્રાણી છે તે બાબત વિદ્યાર્થીઓ પાસેથી જ કઢાવવી.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલાં શબ્દો શોધો.**

(૧) અચાનક (૨) ભંડાર (૩) કૃપા (૪) સમુદ્ર
(૫) પેટી (૬) ગજવું (૭) ક્ષેમકુશળ (૮) પ્રકૃતિ

**સ. ૨ કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને લખો.**

(આકાશ, બેપરવા, કૃત્રિમ, આથમવું, વધ, ભીતર)

(૧) પરવા (૨) પાતાળ (૩) ઊગવું
(૪) ઘટ (૫) કુદરતી (૬) બહાર

**સ. 3** ‘વધ-ઘટ’ જેવા અન્ય પાંચ જોડશબ્દો લખો.

### સ. ૪ શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો.

(૧) સમંદર - ________, ________, ________, ________

(૨) આકાશ - ________, ________, ________, ________

(૩) સૂરજ - ________, ________, ________, ________

(૪) હેમખેમ - ________, ________, ________, ________

(૫) ખજાનો - ________, ________, ________, ________

### સ. ૫ જૂથમાં ન બેસતાં શબ્દ નીચે લીટી દોરો.

(૧) આંખ - ચક્ષુ, લોચન, અશ્રુ, નયન, નેત્ર

(૨) આકાશ - નભ, આસમાન, વ્યોમ, આભ, અભ્ર

(૩) સૂરજ - સૂર્યા, આદિત્ય, સૂર્ય, ભાનુ, અરુણ

(૪) દરિયો - સમુદ્ર, દધિ, સાગર, રત્નાકર, વારિધિ

(૫) રહેમ - કૃપા, દયા, મહેરબાની, રહીમ, અનુગ્રહ

### સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(૧) કવિને રહેમ છે....................

(અ) મિત્રોની (આ) વડીલોની (ઈ) કુદરતની


(૨) એકલા હોવા છતાં કવિને હોવાનું લાગે છે....................

(અ) બગીચામાં (આ) મેળામાં (ઈ) સભામાં

(૩) કવિનો ખજાનો હેમખેમ છે....................

(અ) પટારામાં (આ) કબાટમાં (ઈ) પેટીમાં

### સ. ૭ યોગ્ય રીતે જોડો.



**સ. ૮ કોણ તે કહો.**

(૧) વધઘટનો હિસાબ રાખનાર -

(૨) ઊગીને આથમી જનાર -

(૩) છલકાતી મલકાતી મોજને સમાવનાર -

(૪) ખજાનાને હેમખેમ રાખનાર -

(૫) પટારીનું સંરક્ષણ કરનાર -

**સ. ૯ નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો.**

(૧) સમુદ્રને તેના પાણીની વધઘટની ચિંતા નથી.

(૨) કવિને એકલતા કદી સતાવતી નથી.

(૩) અંતરની લાગણીમાં કદી ઓટ આવતી નથી.

(૪) પૈસા ન હોવા છતાં પણ આનંદમાં રહેવું જોઈએ.

**સ. ૧૦** પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

★ ‘‘છે માનવી જીવનની ઘટમાળ એવી,

સુખ અલ્પ, દુઃખ થકી ભરેલી’’

આ પંક્તિમાં કવિ જે કહેવા માંગે છે તે તમારા શબ્દોમાં ૩થી ૪ વાક્યોમાં કહો.

**સ. ૧૧ વચન બદલો.**

(૧) ખિસ્સું - ________ (૨) દરિયો - ________

(૩) ________ - તાળાં (૪) ________ - મેળા

(૫) તળાવ - ________ (૬) કાંઠો - ________

**સ. ૧૨ વિશેષણ ઉપરથી નામ બનાવો.**

દા. ત. - ભીનું - ભીનાશ

(૧) કાળું - ________

(૨) લાલ - ________

(૩) કડવું - ________

(૪) મીઠું - ________

(૫) હળવું - ________

(૬) રાતું - ________

**સ. ૧૩ અધોરેખિત શબ્દો ઓળખો. તે નામ, સર્વનામ, વિશેષણ કે ક્રિયાપદ છે તે તેની સામે લખો.**

(૧) કવિને એકલતા કદી સતાવતી નથી. ________

(૨) દરિયો આનંદની છોળો ઉડાડે છે. ________

(૩) જીવન ભગવાને આપેલી અમૂલ્ય ભેટ છે. ________

(૪) આપણે સકારાત્મક દષ્ટિકોણ અપનાવવાનો છે. ________

## પ્રકલ્પ

★ ઇન્ટરનેટની મદદથી કૃષ્ણ-સુદામાની મૈત્રી વિશેનો એકાદ પ્રસંગ શોધી ચિત્રસહિત ચાર્ટસ બનાવો.

## વિશેષ વાંચન



અમે રાખમાંથીએ બેઠા થવાના,
જલાવો તમે તોયે જીવી જવાના.

ભલે જળ ન સીંચો તમે તે છતાંયે.
અમે ભીંત ફાડી ને ઊગી જવાના.

ધખો તમતમારે ભલે સૂર્ય માફક
સમંદર ભર્યો છે, ન ખૂટી જવાના.

ચલો હાથ સોંપો, ડરો ન લગીરે,
તરી પણ જવાના ને તારી જવાના.

અમે જળની માફક ગગન આખું ઝાલ્યું,
અમે પંખી એકે ન ચૂકી જવાના!

હર્ષ બ્રહ્મભટ્ટ

**વેચાઈ જવા કરતાં વહેંચાઈ જવામાં લિજ્જત છે.**

3H3HKB

## ભાષિક સમજ

# વાક્યપ્રકાર

◆ **નીચેનાં વાક્યો વાંચો.**

(અ) (૧) ભાઈ-બહેન અભ્યાસ કરે છે.

(૨) બા પૂજા કરવા બેઠા છે.

(૩) બાપુજી ઑફિસે જાય છે.

ઉપરનાં વાક્યો હકારાત્મક છે કારણ તેમાં 'ન/ના, નહિ, નથી' જેવા નકારાત્મક શબ્દ નથી.

(બ) (૧) ભાઈ વ્યાયામ કરવા જીમમાં જતો નથી.

(૨) તેની પાસે છુટ્ટા પૈસા નહોતા.

(૩) તેણે કોઈનું સાંભળ્યું નહિ.

ઉપરના વાક્યમાં 'ન/ના, નહિ, નથી' જેવા નકાર શબ્દ આવ્યા છે. આવાં વાક્યને નકારાત્મક વાક્ય કહે છે.

## સ્વાધ્યાય



૧. વાક્યનો પ્રકાર ઓળખી બાજુમાં લખો.

ઉદા. ખૂબ મોટો સાપ છે. : હકારાત્મક વાક્ય

(૧) બાપુજી આજે વહેલા નહિ આવે. : ____________

(૨) અમે શાળાની સહેલે જઈએ છીએ. : ____________

(૩) તું કેમ કંઈ ખાતી નથી ? : ____________

(૪) તેણે નોકરને પૈસા ના આપ્યા. : ____________

(૫) ઉમેશે નૈનિતાલ જોયું છે. : ____________

◆ **યાદ રાખો :** ઘણીવખત વિરામચિહ્નો ઉપરથી પણ વાક્યના પ્રકાર નક્કી થાય છે. પૂર્ણવિરામવાળાં વાક્યોને વિધાનવાક્ય કહેવાય. પ્રશ્નાર્થચિહ્નવાળા વાક્યને પ્રશ્નાર્થવાક્ય કહેવાય તેમ ઉદ્ગારચિહ્નવાળા વાક્યને ઉદ્ગારવાચક વાક્ય કહેવાય છે.

૨. નીચેનાં વાક્યોના પ્રકાર વિરામચિહ્નોના આધારે કહો.

(૧) તમે વ્યાકરણમાં શું શું શીખ્યા ? : ____________

(૨) અહાહાહા ! કેટલું સુંદર દૃશ્ય છે ! : ____________

(૩) રામાયણ અને મહાભારત આપણાં પુરાણો છે. : ____________

(૪) ટી.વી. માં તમને કઈ ચેનલ પરના કાર્યક્રમો ગમે છે ? : ____________

(૫) અધધધ ! કેટલાં બધાં મોતી ! : ____________

# વાંચો, વિચારો અને નક્કી કરો

શ્રદ્ધા, સાધના અને પૂજા ત્રણે બહેનપણીઓ છે.

તેઓમાંથી એક મમ્મી સાથે, એક દાદી સાથે અને એક માસી સાથે બગીચામાં જાય છે.

ત્રણેયની પાસે કમળ, મોગરો અને ગુલાબનું એક એક ફૂલ છે.

એકે પંજાબી ડ્રેસ, એકે ફ્રોક અને એકે સ્કર્ટ પહેર્યાં છે.

◆ **આટલી માહિતી ઉપરથી તમારે શોધવાનું છે કે,**

- ત્રણે બહેનપણીઓમાંથી કોણ કોની સાથે આવ્યું હતું ?
- કોણે ક્યો ડ્રેસ પહેર્યો હતો ?
- કોની પાસે ક્યું ફૂલ હતું ?

◆ **જવાબ સહેલાઈથી શોધી શકાય તે માટે નીચે કેટલીક ચાવીઓ આપી છે.**

- શ્રદ્ધાએ ફ્રોક પહેર્યું નથી. તે તેની દાદી સાથે આવી છે.
- જે મમ્મી સાથે આવી છે તેની પાસે મોગરાનું ફૂલ છે.
- જેની પાસે ગુલાબ છે તેણે સ્કર્ટ પહેર્યું છે.
- જેણે પંજાબી ડ્રેસ પહેર્યો છે તે માસી સાથે આવી છે પણ તે પૂજા નથી.

◆ **જવાબ શોધી નીચેનો કોઠો પૂરો કરો.**

| બહેનપણીઓ | ડ્રેસ | કોની સાથે આવી ? | ક્યું ફૂલ છે ? |
|---|---|---|---|
| શ્રદ્ધા | | | |
| સાધના | | | |
| પૂજા | | | |

◆ **નીચે આપેલા શબ્દોને વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો.**

ફ્રૉક, મોગરો, કોનું, શું, માલિક, લાગ, તકાજો, ધરતી

વાંચવું, ઘૂરકાટ, બહાનું, સાચું, મન, છોકરી, ઊઠવું, અમે

# શબ્દરમત

અહીં આપેલા ચોકઠામાં સૂર્યનાં જુદાંજુદાં નામ છુપાયેલાં છે. આડાં, ઊભાં, ત્રાંસાં, સીધાં કે પછી ઊંધાં ગમે તે રીતે આ નામો ગોઠવાઈ ગયાં છે. તે શોધીને બતાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સ | ર | ભા | શ્ર | ણિ | દ્વિ | ત્રિ | સૂ |
| સ્ર | હ | ક | નુ | મ | અ | ન | ર |
| આ | રૂ | સ્ર | વા | ન | રૂ | પ | જ |
| ર્ય | દિ | શ્ર | ક | દિ | ણ | ત | પા |
| સ્ક | ર | ત્ય | ક્ષ | ર | ડ | ણ | ર |
| ત્ય | ક | ક | સ | વિ | તા | સ્ક | ભા |
| સૂ | ન | ને | ભા | કૃ | ભા | વિ | જ |
| ર્ય | દિ | વા | ક | પ્ર | ર્ય | પું | સ |




| | | | |
|---|---|---|---|
| (૧) સૂર્ય | (૨) સૂરજ | (૩) રવિ | (૪) ભાનુ |
| (૫) દિનેશ | (૬) દિનકર | (૭) દિવાકર | (૮) દિનમણિ |
| (૯) પ્રભાકર | (૧૦) અરૂણ | (૧૧) ભાસ્કર | (૧૨) સવિતા |
| (૧૩) સહસ્રકર | (૧૪) આદિત્ય | (૧૫) તપન | (૧૬) ભાણ |

◆ ઉપરના બોક્સમાં આપેલાં સૂર્યનાં નામોને નોટબુકમાં વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો.

| | | | |
|---|---|---|---|
| ____________ | ____________ | ____________ | ____________ |
| ____________ | ____________ | ____________ | ____________ |
| ____________ | ____________ | ____________ | ____________ |
| ____________ | ____________ | ____________ | ____________ |


# ક્રિયાપદ


◆ નીચેનાં ચિત્રોનું નિરીક્ષણ કરી તે ક્યું ક્રિયાપદ દર્શાવે છે તે ચિત્રની નીચે લખો.







**યાદ રાખો :**

◆ વાક્યમાં ક્રિયા દર્શાવતા શબ્દને વ્યાકરણની ભાષામાં ક્રિયાપદ કહેવાય છે. ક્રિયાપદ વાક્યને પૂર્ણ કરે છે. ક્રિયાની બાબતમાં ત્રણ બાબત સંભવી શકે. (૧) ક્રિયા થઈ ગઈ હોય, (૨) ક્રિયા ચાલુ હોય અને (૩) ક્રિયા થવાની હોય.

◆ નીચેનાં વાક્યો વાંચી ક્રિયાપદ ઓળખી તેની નીચે લીટી દોરો.

(૧) વિદ્યાર્થીઓ પરીક્ષામાં પેપર લખે છે.
(૨) ઘરના લોકો ટી.વી. જુએ છે.
(૩) વાડીમાં લોકો જમતાં હતાં.
(૪) વાંદરા ઝાડ ઉપર કૂદે છે.
(૫) તળાવમાં માછલીઓ તરતી હતી.
(૬) ડુંગર પરથી ઝરણું વહે છે.
(૭) રવિવારે અમે ક્રિકેટ રમીશું.
(૯) અમે હવે નિયમિત વાંચીશું.
(૧૦) આકાશમાં પક્ષીઓ ઊડે છે.
(૧૧) પિયુ આંસુ લૂછે છે.
(૧૨) પિક્ચર જોઈને આવ્યા પછી બહેન સૂઈ ગઈ.
(૧૩) દરજી કપડાં સીવે છે.
(૧૪) વડના ઝાડની વડવાઈઓ લટકે છે.
(૧૫) અમે બધા ઉજાણી કરીએ છીએ.

# કાળ

◆ ધ્યાનપૂર્વક વાંચો.


- શિલ્પાએ પાઠ વાંચ્યો.
- રૂપલ પાઠ વાંચશે.
- અમારા ઘરે મહેમાનો જમે છે.
- ગઈકાલે મામા-મામી આવ્યાં હતાં.
- જીમીત પાઠ વાંચે છે.
- ખેડૂતો ઝાડ નીચે બેસી જમતા હતા.
- આવતીકાલે અમે હોટેલમાં જમીશું.
- કાકા-કાકી આવતીકાલે આવશે.

| ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ | ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|---|---|---|
| હતા | છે | હશે | આવ્યા | આવે છે | આવશે |
| લખી | લખું છું | લખીશ | કર્યું | કરે છે | કરશે |
| બેઠાં હતાં | બેઠાં છે | બેસશે | મળ્યા | મળે છે | મળશે |
| રમ્યા | રમે છે | રમશે | રડતા હતા | રડે છે | રડશે |
| ગયા | જાય છે | જશે | જમ્યો | જમે છે | જમશે |
| વાંચ્યો | વાંચે છે | વાંચશે | હસ્યા | હસે છે | હસશે |
| કૂદ્યા | કૂદે છે | કૂદશે | બનાવ્યો | બનાવે છે | બનાવશે |
| પડ્યો | પડે છે | પડશે | મૂક્યા | મૂકે છે | મૂકશે |

◆ **યાદ રાખો :**

ક્રિયા થઈ ગઈ હોય તો તે - ભૂતકાળ
ક્રિયા ચાલુ હોય તો તે - વર્તમાનકાળ
ક્રિયા થવાની હોય તો તે - ભવિષ્યકાળ
આ રીતે કાળ એટલે સમય - ક્રિયાનો સમય દર્શાવતા સમય પ્રમાણે કાળ નક્કી થાય છે.

## સ્વાધ્યાય



◆ **ક્યો કાળ દર્શાવે છે ? તે લખો.**

(૧) ગયા વર્ષે ધોધમાર વરસાદ પડ્યો. ......................................
(૨) આ વર્ષે વરસાદ ઓછો પડે છે. ......................................
(૩) આવતા વર્ષે ખૂબ વરસાદ પડશે. ......................................
(૪) ખેડૂતો દર વર્ષે વરસાદની રાહ જુએ છે. ......................................
(૫) હું નાટક જોવા જઈશ. ......................................
(૬) મારાં ફઈબા કાલે આવ્યાં હતાં. ......................................
(૭) મેં નવાં કપડાં પહેર્યાં. ......................................
(૮) બાએ સુંદર રંગોળી કરી. ......................................
(૯) તમે મોટા થઈને શું બનશો? ......................................
(૧૦) કર્ણ સદાય કવચકુંડળ પહેરતો હતો. ......................................

ગદ્ય વિભાગ

# ૧ વૃદ્ધો : આપણો વારસો

સ્વ. નટુભાઈ ઠક્કર 'યાત્રિક'

**નટુભાઈ ઠક્કર :** 'યાત્રિક' નું તખલ્લુસ ધરાવતા, સમાજમાં અનેરું સ્થાન પામેલા નટુભાઈએ એક વર્તમાનપત્રમાં 'લીમડાની એક ડાળ મીઠી' નામની કટાર દ્વારા માનવમનની માવજત કરતાં અનેક લખાણો લખ્યાં છે. તેમનું પુસ્તક 'ફૂલડે ફૂલડે ફોરમ' માનવને માનવ બનવાની પ્રેરણા આપે છે. તો 'ઉજાસનો ઉત્સવ' પુસ્તકમાં મૂલ્યનિષ્ઠાના દીપકને પ્રજ્વલિત રાખતા સત્યપ્રસંગો આલેખાયેલા છે. તેમાંનો જ એક માર્મિક પ્રસંગ અહીં લેવામાં આવ્યો છે.

પ્રસ્તુત કૃતિ જાપાનની એક સામાજિક લોકકથા છે. જાપાનના રાજાએ વૃદ્ધોને પહાડમાં મૂકી આવવાનો કડક કાયદો બનાવ્યો હતો. તેનું ઉલ્લંઘન કરનારને મૃત્યુદંડ જેવી આકરી સજા કરવામાં આવતી. તેમ છતાં આવા કડક કાયદાનું ઉલ્લંઘન કરી યુવાન પુત્રએ પિતાને કેવી રીતે બચાવ્યા અને 'ઘરડાં ગાડાં વાળે' આ કહેવતને સિદ્ધ કરી બતાવી તેનું નિરૂપણ કરેલ છે. સમાજમાં પરિવર્તન લાવવામાં યુવાનોની ક્ષમતાનું અહીં ઉલ્લેખનીય ઉદાહરણ છે.

---

જાપાનની એક લોકકથા. એક જમાનામાં રાજાએ એવો કાયદો કર્યો કે મા-બાપ જ્યારે બુઢ્ઢા થઈ જાય અને કોઈ પણ કામ કરવા માટે સક્ષમ ના રહે ત્યારે એમને દૂરના પહાડોમાં લઈ જઈ છોડી દેવાનાં...

કાયદો કડક. વૃદ્ધોને નાખી આવો. યુવાન પુત્રોની એ જવાબદારી. એટલે દેશમાં કોઈ વૃદ્ધ જ દેખાય નહીં. જે લોકો આ કાયદાનું ઉલ્લંઘન કરે એમને મૃત્યુદંડ જેવી આકરી સજા. એટલે સૌ પોતાનાં મા-બાપ વૃદ્ધ થતાં એમને પહાડો ઉપર કે જંગલોમાં મૂકી આવતાં. એક યુવાનને પિતા પ્રત્યે ખૂબ જ પ્રેમ. જ્યારે પિતા વૃદ્ધ થયા ત્યારે એને પણ એમને જંગલમાં છોડી આવવાની આજ્ઞા મળી.

ભારે હૈયે અને અશ્રુભરી આંખે એણે બાપને ખભે ઉપાડ્યા ને નીકળી પડ્યો પહાડોમાં, બાપને મૂકી આવવા. બાપને પીઠ ઉપર ઉપાડીને જતો હતો ત્યારે ખભા પર બેઠેલા વૃદ્ધ બાપ વિચારતા હતા કે, બિહામણા જંગલમાં રખેને મારો દીકરો ભૂલો પડે તો? એટલે એણે ખભે બેઠાં... બેઠાં... કૂણાંકૂણાં વૃક્ષોની ડાળખીઓ રસ્તામાં નાખવા માંડી જેથી કરીને દીકરો પાછો ફરે ત્યારે રસ્તો ભૂલી ન જાય.

ભાવિક પિતા : ભાવુક પુત્ર.

કાયદાના જડબંધન.

આકરી લાચારી. બંનેની આંખમાં આંસુ. પુત્રે પિતાને તકલીફ ના પડે એવી જગ્યા પસંદ કરી. પાંદડાંની પથારી પાથરી બેસાડ્યા અને રડતી આંખે વિદાય માગી. વિદાય લેતા પુત્રને પિતાએ નજીકના વૃક્ષની ડાળી બતાવી કહ્યું : ' વત્સ, આ ડાળખી ઓળખી લે... રસ્તામાં એની એંધાણીએ ચાલ્યો જજે. તું ભૂલો ન પડે માટે રસ્તામાં આવી એંધાણીઓ મેં ઠેકઠેકાણે નાખી છે.' પિતાનું આવું વાત્સલ્ય, પોતાના તરફ આવી ચિંતા, હેતાળ દીકરાના હૈયાને હચમચાવી ગઈ.



આવા અડાબીડ જંગલમાં બાપને મૂકીને આવવા હૈયું તૈયાર ના થયું ને કાયદાની પરવા કર્યા વિના એણે તો ફરીથી બાપને ઊંચકી લીધા ને છાનામાના ઘરના વાડામાં વૃક્ષોની ઘટા વચ્ચે નાનકડી ઝૂંપડી બનાવી તેમાં રાખ્યા કે જ્યાંથી કોઈ જોઈ જ ન શકે.

દીકરો રોજ પિતાને ખાવાનું આપી આવતો ને એમ દિવસો શાંતિથી પસાર થતા હતા.

રાજા હતો ધૂની મગજનો. એના મનમાં એક વિચાર જાગ્યો. સરસ રંધો મારેલી સુંવાળી લાકડાની દાંડી બનાવી રાજાએ નગરજનોને પૂછાવ્યું... 'આમાં ક્યો ભાગ મૂળ તરફનો અને ક્યો ભાગ ટોચનો?'

પ્રજા મૂંઝાઈ પણ પેલા પુત્રને પિતાએ મદદ કરી કહ્યું : 'એ ટુકડાને પહોળા પાણીના તપેલામાં મૂક... જે ભાગ પાણી તરફ નમે એ મૂળ ને ઉપર રહે તે ટોચ.' રાજા ખુશ થયા.

પણ ફરી એક વખત રાજાને નવો તુક્કો સૂઝ્યો. 'વગાડ્યા વિના જાતે વાગે એવું ઢોલ બની શકે?' પેલો પુત્ર મૂંઝાયો. પણ પિતાએ ઉકેલ બતાવ્યોઃ 'આ તો સાવ સરળ છે. જા બજારમાં જઈને ચામડું લઈ આવ. પહાડમાં જઈ મધપૂડો લાવ...' બાપે ઢોલની ગોળાઈમાં વચ્ચે મધપૂડો મૂકીને બેઉ બાજુ ચામડું મઢી લીધું. રાજાએ જેવું ઢોલને આમતેમ ફેરવીને જોયું કે અંદરની મધમાખીઓનો બણબણાટ બેઉ બાજુના ચામડાને સ્પર્શતો ગુંજી ઊઠયો. રાજા પ્રસન્ન થયો.

ધીમે રહીને એણે યુવાનને આવા અઘરા કોયડાના ઉકેલો તે કઈ રીતે શોધી લાવે છે તે જણાવવા કહ્યું. ત્યારે પુત્રે સહેજ પણ ગભરાયા વગર સાચેસાચી વાત કહી : 'ઉંમરના આરે પહોંચેલા લાગણીસભર મારા પિતાને હું જંગલમાં છોડીને આવી શક્યો નહીં. મેં એમને મારા ઘરના વાડામાં નાની ઝૂંપડીમાં સંતાડ્યા છે. અનુભવ અને ડહાપણના ભંડારના મારા એ વારસાને મેં રાજ્યનો ગુનો નોતરીને મારી પાસે રાખ્યા છે. હવે આપ સજાનો જે હુકમ કરો એ ભોગવવા તૈયાર છું.'

રાજા દંગ રહી ગયો.


ઘરડાની સમજણ ને શાણપણ તરફ પોતે અકારણ બતાવેલી નફરત ઉપર પસ્તાવો થયો. આવી સમજ ને ડહાપણના ભંડારોને આમ જંગલમાં મૂકી આવવા ને ભૂખેતરસે મારી નાખવા એ યોગ્ય નથી, એવું એમને સમજાયું ને આખોય કાયદો રદ થયો.

જોયું બાળકો ? ઘરડાં માણસો અનુભવના કેવા ભંડાર છે ! સાચે જ વૃદ્ધો આપણો વારસો છે. એ વારસાને જાળવવા આપણે કટિબદ્ધ છીએ ખરા ?

## ● માર્ગદર્શક સ્તંભ ●

પ્રસ્તુત કૃતિ સમજાવતાં પહેલાં વિદ્યાર્થીઓ સાથે તેમનાં માતા-પિતા પ્રત્યેની તેમની લાગણી વિષયક વાતો કરવી. ભારતીય સંસ્કૃતિના 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'ના મૂલ્ય બાબત સમજણ આપવી. માતાપિતાની હાજરી સંતાનો માટે માત્ર પ્રેરણારૂપ જ નહિ પરંતુ સાચી દિશાના માર્ગદર્શન સમ બની રહે છે તેવાં અનેક ઉદાહરણો આપી પાઠના વિષયવસ્તુને આધારે પ્રશ્નો પૂછી તેમના વિચારો જાણતા રહેવા અને જરૂરી જણાય ત્યાં આવશ્યક માહિતી કે જ્ઞાન આપતા જઈને યોગ્ય સંસ્કારનું સિંચન કરવાની દરેક તકને યોગ્ય રીતે ઝડપી લેવી. વૃદ્ધો માત્ર પોતાના પરિવારનો જ નહિ પણ સમાજ અને દેશનો અમૂલ્ય વારસો હોવાથી આપણે આપણાં એ અમૂલ્ય વારસાને જાળવીને તેનું જતન કરવાનું છે તેવી દઢ ભાવના વિદ્યાર્થીઓના મનમાં દઢ કરવી.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો લખો.**

(૧) અનાદર (૨) કોમળ (૩) સુહૃદય (૪) સમર્થ
(૫) નિશાની (૬) ઘોર (૭) આંસુ (૮) ઘરડાં

**સ. ૨ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો. દા. ત. : અઘરા – સહેલા**

(૧) જડ (૨) સુંવાળી (૩) સક્ષમ (૪) કારણ
(૫) યુવાન (૬) બંધન (૭) ઝૂંપડી (૮) સમજણ

**સ. ૩ આપેલા શબ્દોનો ઉપયોગ કરીને વાક્ય બનાવો.**

(૧) ધૂની (૨) ભાવુક (૩) એંધાણી (૪) અડાબીડ

**સ. ૪ 'ભાવતાલ' બે શબ્દોનો એક શબ્દ છે. તે પ્રમાણે નીચેના શબ્દો સાથે એક-એક શબ્દ જોડીને એક શબ્દ બનાવો.**

(મુક્કી, વસ્ત્રો, ચાકર, મેદાન)

(૧) અન્ન (૨) નોકર (૩) ખેદાન (૪) ધક્કા

**સ. ૫ રૂઢિપ્રયોગ અને તેના અર્થની સાચી જોડી બનાવો.**

| 'અ' | 'બ' |
|---|---|
| (૧) દંગ રહી જવું | અનાદર કરવો |
| (૨) કટિબદ્ધ થવું | દરકાર ન કરવી |
| (૩) હૈયું હચમચી જવું | આશ્ચર્યમાં પડી જવું |
| (૪) પરવા ન કરવી | તૈયાર થવું, સજ્જ થવું |
| (૫) ઉલ્લંઘન કરવું | સખત આઘાત લાગવો |

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો.**

(૧) આ લોકકથા ________ ની છે.

(અ) જાપાન (આ) ભારત (ઈ) અમેરિકા

(૨) રાજાએ કાયદો કર્યો કે મા-બાપ ________.

(અ) માંદા પડે તો તેમને દૂર પહાડોમાં મૂકી આવવાનાં

(આ) કામ કરી શકતા ન હોય તો ઘરમાંથી કાઢી મૂકવાનાં

(ઈ) ઘરડાં થઈ જાય, કામ કરવા સક્ષમ ન રહે ત્યારે એમને દૂરના પહાડોમાં લઈ જઈ છોડી આવવા

(૩) પુત્ર જંગલમાં ભૂલો ન પડે તે માટે પિતાએ તેના ખભે બેઠાં બેઠાં ________.

(અ) આખા રસ્તે રંગબેરંગી ફૂલોની નિશાની કરી

(આ) કૂણાં કૂણાં વૃક્ષોની ડાળીઓ રસ્તામાં નાખવા માંડી

(ઈ) કાગળના નાના-નાના ટુકડા કરી નાંખવા માંડ્યા

(૪) પોતાના પિતાને તકલીફ ન પડે તે માટે પુત્રે ________.

(અ) પાંદડાંની પથારી કરી

(આ) ઘાસની પથારી કરી

(ઈ) રૂના ગાદલાની પથારી કરી

**સ. ૭ ચાલો, સમજીને લખીએ.**

(૧) કાયદાનું ઉલ્લંઘન કરનારને સજા કરવામાં આવતી – [ ]

(૨) પિતા તરફની લાગણી માટે યુવાને પરવા ન કરી – [ ]

(૩) જંગલમાંથી પાછા લાવી યુવાને પિતાને છાનામાના રાખ્યા – [ ]

(૪) છેવટે રાજાએ કાયદો રદ કર્યો – [ ]

**સ. ૮ પાઠમાંથી યોગ્ય વિશેષણ શોધીને લખો.**

(૧) ________ કાયદો (૨) ________ સજા

(૩) ________ જંગલ (૪) ________ પુત્રો

(૫) ________ આંખ (૬) ________ હૈયે

**સ. ૯ રેખાંકિત શબ્દને 'તા' પ્રત્યય લગાવી વાક્ય ફરીથી લખો.**

દા.ત. રાજા મનથી <u>પ્રસન્ન</u> થયો.

જવાબ : રાજાના મનમાં પ્રસન્નતા હતી.

(૧) સુરભિનો અવાજ <u>મધુર</u> હતો.

(૨) ગુરુજી <u>મહાન</u> હતા.

(૩) શીલા બધાજ કામમાં <u>કુશળ</u> હતી.

(૪) બગીચો <u>સુંદર</u> મનમોહક હતો.

(૫) હિમાલયનો તે વૃદ્ધ સાધુ ઘણો <u>પવિત્ર</u> હતો.

**સ. ૧૦** તમારાં દાદા-દાદી અથવા નાના-નાનીને કેવી રીતે મદદ કરશો? તે લખો.

★ 'ઘરડાં ગાડાં વાળે' કહેવત આ લોકકથા દ્વારા સાર્થક થાય છે આવી અન્ય કોઈપણ કહેવતને સાર્થક કરતી વાર્તા વર્ગમાં કહો.

---

## પ્રકલ્પ

★ તમારાં માતા-પિતા કે દાદા-દાદીની મદદથી તમારા પરિવારની ઓછામાં ઓછી ચાર પેઢીની વંશાવલિનું વૃક્ષ તૈયાર કરી ઘરના વડીલને તેમના જન્મદિવસે કે ખાસ પ્રસંગે ભેટ આપો.



## ✪ વિશેષ વાંચન ✪

**તો એ મિથ્યાચાર છે... ?**

હું વ્રત, એકટાણાં, ઉપવાસ કરું અને મારા મનમાંથી ગુસ્સો, ઈર્ષ્યા, ડંખ નિર્મૂળ ન થાય, તો મારું એ તપ મિથ્યા છે.

હું મંદિરે જાઉં, ફૂલ ચઢાવું, માળા ગણું અને મારાં કર્મમાંથી સ્વાર્થ, લોભ, મોહ નિર્મૂળ ન થાય તો મારી એ પૂજા મિથ્યા છે.

હું જપ કરું, સત્સંગ કરું, ધ્યાન કરું અને મારા ચિત્તમાંથી અહંકાર, અભિમાન, મોટાઈનો ભાવ નિર્મૂળ ન થાય તો મારી એ ઉપાસના મિથ્યા છે.

હે પરમાત્મા, હું પ્રાર્થના કરું ને તમારું નામ લઉં અને મારા જીવનમાં પ્રેમ, કરુણા, મૈત્રી, આનંદ પ્રગટ ન થાય તો મારો તમારી સાથેનો સંબંધ મિથ્યા છે.

- કુંદનિકા કાપડિયા

**ભૂલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહિ.**

❀ ❀ ❀

# ૨

# પંખીઓની મહાસભા

ગિજુભાઈ બધેકા

**ગિજુભાઈ બધેકા :** 'ગિજુભાઈ' તો તેમનું હુલામણું નામ હતું. તેમનું પૂરું નામ હતું ગિરજાશંકર ભગવાનજી બધેકા. બાળકો પ્રત્યે તેમને અપાર પ્રેમ હોવાથી તેઓ બાળકોની 'મૂછાળી મા' તરીકે જાણીતા થયા હતા, ગુજરાતમાં મોન્ટેસરી બાલશિક્ષણના પ્રણેતાએ 'બાળવાર્તાઓ' અને 'બાળસાહિત્ય ગુચ્છ'નાં સોથી પણ વધારે પુસ્તકો દ્વારા આદર્શ બાળ સાહિત્યની રચના કરી હતી તેથી તેમને 'બાળસાહિત્યના બ્રહ્મા'નું બિરુદ મળ્યું હતું.

'દક્ષિણામૂર્તિ' માં શિક્ષક તરીકે ફરજ બજાવનાર ગિજુભાઈએ 'પશુપંખી ગ્રંથમાળા'નું સર્જન કર્યું હતું. તેમાંથી જ પ્રસ્તુત પાઠ લેવામાં આવ્યો છે.

આ પાઠમાં દરેક પંખીની વિશેષતા દર્શાવવામાં આવી છે. માણસો વિશે પક્ષીઓ શું ધારે છે તેનો ખ્યાલ પણ તેમાંથી મળે છે. પંખીઓ મહાસભા ભરે તો તેઓ પોતાની શક્તિઓ વિશે શું કહે અને માણસજાત વિશે કેવી કેવી ફરિયાદ કરે તેની સુંદર કલ્પના અહીં વ્યક્ત થયેલી છે. બાળવાર્તા કહેવાની લેખકની સ્વાભાવિક કુશળતા આ પાઠમાં જણાઈ આવે છે.

---

પંખીઓ કહે : ''માણસો તો મહાસભા ભરે જ છે; પણ ગયા માસમાં પશુઓએ પણ મહાસભા ભરી! ત્યારે આપણે પણ શા માટે મહાસભા ન ભરવી ? શું આપણે પણ અનેક પ્રશ્નો ચર્ચવાના નથી ?''

''માણસો આપણને અનેક રીતે દુઃખ દે છે. આપણાં ઈંડાં ખાઈ જાય છે. આપણાં પીંછાં માટે આપણને મારી નાખે છે, મોટી મોટી મિજલસોમાં આખાં ને આખાં આપણને ઉકાળે છે કે તળે છે, ને પોતાના શોખને માટે જિંદગીભર પાંજરાંમાં પૂરી રાખે છે. તો શું આ બધી ક્રૂરતા સામે આપણે પોકાર ન કરવો જોઈએ ? ઠરાવો કરી તેમની ઉપર મોકલતાં આપણને શું ન આવડે ? શું આપણે મનુષ્યની જોહુકમી સામે લડત ન લડી શકીએ ?''

મહાસભાની ઉત્સાહભેર તૈયારીઓ થવા લાગી. પંચવટીનું મોટું જંગલ મહાસભાના મંડપ તરીકે પસંદ કર્યું. ગોદાવરીના કાંઠાનાં વનવૃક્ષોની ઘટાઓ મહેમાનોને આમંત્રણ આપી ઉતારા માટે નક્કી કરી. જંગલે જંગલે ને ઝાડે ઝાડે મહાસભાની પત્રિકાઓ વહેંચાઈ ગઈ. પરદેશના પ્રતિનિધિઓને પણ આમંત્રણ મોકલાયાં.

ચકલાં અને કાબરો સ્વયંસેવક તરીકે તનતોડ મહેનત કરીને વ્યવસ્થા જાળવવા લાગ્યાં. કબૂતરો અને હોલાંઓને મહેમાનોને ઉતારે મૂક્યાં. કોયલને સંગીતકાર્યમાં રોકી હતી. તૈયારી પણ સુંદર થઈ હતી.

મહેમાનો આવી ગયાં.

દેશપરદેશનાં મહેમાનો હતાં. કાશ્મીરનો શ્યામો હતો; પંજાબનો સક્કરખોર હતો; બંગાળનો બાજ હતો; ગુજરાતની ચકલી હતી; વિલાયતથી મોગળી અને રોબિન આવ્યાં હતાં. સંખ્યા સારી હતી.

કામકાજનો સમય સવારમાં સાતથી નવ, અને સાંજે ચારથી સાતનો હતો. કાર્યક્રમ અગાઉથી જાહેર કરવામાં આવ્યો હતો.

સવાર પડ્યું. કૂકડાઓને મહેમાનોને જગાડવા રાખ્યા હતા. 'કૂકડે કૂક કૂકડે કૂક' ચારેકોર થઈ રહ્યું. મહેમાનો જાગી ઊઠ્યા.



ગોદાવરીનાં નિર્મળ જળમાં સ્નાન કરી, પવિત્ર બની, પક્ષીગણે પ્રભાતનું ગાન ગાવા માંડ્યું. જંગલ આખું ગાજી ઊઠ્યું. ઝાડ અને ટેકરાઓ પાછળથી સૂર્યનારાયણ દેખાયા. પક્ષીગણ દેવનાં દર્શન કરી મહાસભાના સ્થાનમાં આવ્યા. મેદની પૂરા ઠાઠમાં જામી હતી. મંડપ ચિકાર ભર્યો હતો. શાંતિ અને વ્યવસ્થા વખાણવા જેવી હતી.

પ્રમુખની દરખાસ્ત મૂકતાં કાકાકૌઆએ ગંભીર વાણીથી કહ્યું : ''એકત્ર થયેલાં પક્ષીબંધુઓ અને પક્ષીભગિનીઓ ! હું પ્રમુખશ્રીની દરખાસ્ત મૂકવા ઊભો થયો છું. પ્રમુખ માટે મને સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે. આપણામાં એમનાથી કોઈ અજાણ નથી. હિંદની તવારીખમાં અતિ પ્રાચીનકાળથી એમના વડવાઓનું નામ મશહૂર છે. એને જ એકને વિષ્ણુ ભગવાનના વાહન થવાનું માન મળેલું છે. આપણે માટે એ અભિમાન ભરેલું છે. તેમણે ઊંચી પર્વતની ટોચેથી અહીં પધારીને આપણી શોભામાં જે વધારો કર્યો છે, તે માટે ખરેખર તેમનો ઉપકાર માનવો ઘટે છે.''

લાલ લોહી જેવી લટકતી ઝાલર હલાવતી ટરકીએ ઊભા થઈ કહ્યું : ''હું ભાઈ કાકાકૌઆના મતને ટેકો આપું છું.'' 'કૂકૂ' ને 'કોકો' ને 'કુરૂક કુરૂક' ને 'ટાઉ ટાઉ'ના અવાજ સાથે દરખાસ્ત મંજૂર થઈ. ચટક છટક ચાલ ચાલતો લીલો પોપટ ઊભો થયો. કાળા કાંઠલાવાળી ગરદન હલાવી, તેણે ઉપપ્રમુખની દરખાસ્ત મૂકતાં કહ્યું :

''સભામાં પધારેલાં ભાઈઓ અને બહેનો ! મને ઉપપ્રમુખની દરખાસ્ત મૂકવાની આપે જે તક આપી છે તે માટે હું આપનો ઉપકાર માનું છું. થોડા જ શબ્દોમાં હું આપને એમનો પરિચય કરાવીશ.

‘‘શાહમૃગનું અસલ ઘર આફ્રિકા છે. એનું ઉમદા રૂપ જોઈ તમે ખરેખર ખુશ થયાં જ હશો. એનાં પીંછાં એટલાં બધાં સુંદર છે કે વિલાયતના રાજાઓ સુદ્ધાં તેને પોતાની ટોપીમાં ખોસે છે. એનાં ઈંડાં પવિત્ર ગણાય છે. મુસલમાનો તેને પીરની જગામાં ટાંગે છે. એક એક ઈંડું મોટા ચીભડા જેવડું થાય છે ! એના લાંબા ગળામાંથી ગમે તે ચીજ ઝટ દઈને પસાર થઈ જાય છે. એકવાર એઓ સાહેબ સીસાની ગોળી પણ ગળે ઉતારી ગયા હતા! સાહેબ દોડવામાં ઘણાં હોશિયાર ગણાય છે. ખરેખર, ઉપપ્રમુખ થવાને એઓ લાયક છે.’’

શાહમૃગ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા; ને સભાનું કામકાજ ચાલ્યું. પ્રથમ ગીધે પહોળી પાંખો કરી, નીચી મૂંડી રાખી, પોતાની સેવાના બે બોલ રજૂ કર્યા :

‘‘સાહેબો, અમે ઘણા વખતથી માણસ જાતનો ત્યાગ કર્યો છે. તેથી અમે વસતિથી દૂર ઊંચા તાડ અથવા ટેકરાઓ ઉપર રહીએ છીએ. કોઈ ઢોર કે જનાવરનું મુડદું કોહી જતું પડ્યાનું અમારી જાણમાં આવતાં, અમે અમારી ગંભીર ફરજ અદા કરવા ઊપડી જઈએ છીએ, એવી સડતી ચીજોનો નાશ કરવો એ અમારું કામ છે. અમારા કામમાં હરહંમેશ મદદ કરનાર સમડી બહેનો તથા કાગડા બંધુઓના અમે ઋણી છીએ.’’

સૌએ અવાજના ગડગડાટ સાથે ગીધ કોમની જંગલ સુધરાઈની સેવા માટે તારીફ કરી.

પછી બગલાભાઈ ઊઠ્યા ને બોલ્યા : આપણી મંડળીમાં સુધરાઈ ખાતાના ઉપરી છે, પણ દરિયાઈ ખાતાનો કોઈ ઉપરી નથી. બગલાં, સારસ, જળકૂકડી, બતક વગેરે દરિયાઈ લશ્કરના એક મોટા અને બાહોશ અમલદાર તરીકે હું હંસનું નામ સૂચવું છું. હંસ બધી રીતે લાયક છે.

હંસે આભારસહિત આ દરખાસ્તનો સ્વીકાર કર્યો.

કોમળ કંઠે કોયલબાઈએ દરખાસ્ત મૂકી : ‘‘ખરેખર, આપણને એક બાહોશ નિશાનબાજની જરૂર છે. હું ધારું છું કે બાજ એ કામને માટે પૂરેપૂરો લાયક છે.’’

ત્યાં તો કાગડો અને સમડી પણ ઉમેદવારો તરીકે બહાર પડ્યાં. મત લેવાયા. વધુ મતે બાજ નિશાનબાજ તરીકે ચૂંટાયો.

કબૂતરે બાજનાં વખાણ કરી કહ્યું : ‘‘બાજની પસંદગી બરાબર થઈ છે. એ ખરેખરા નિશાનબાજ છે. માટે જ શિકારી લોકો તેને પાળી તેની પાસે બીજાં પક્ષીઓનો શિકાર કરાવે છે. અમને ખાતરી છે કે હવેથી તેઓ અમારા જેવા ગરીબ ભાઈઓને શિકારીઓથી બચાવશે.’’

‘ચીં ચીં’ ‘ટુ ટુ’ ને ‘કુઊ કુઊ’ ના પોકાર સાથે કબૂતરનું ભાષણ સૌએ સ્વીકાર્યું.

કાગડાઓના ટોળામાંથી એક મોટો કાગડો ઊભો થયો : ‘‘મારે જણાવવું જોઈએ કે હું મારી કાળાં પીંછાંવાળી કોમના પ્રતિનિધિ તરીકે ભાષણ કરવા ઊભો થયો છું. અમારી કોમે શહેર સુધરાઈનું કેવું સુંદર કામ કર્યું છે, તેનું મોહક વર્ણન કરવા મારું મન તલપી રહ્યું છે. અમારી આખી કોમે, પેલી માણસ જાતની ગંદકી અને એંઠવાડ દૂર કરવા જે મહેનત ઉઠાવી છે તેવી મહેનત દુનિયાના કોઈપણ સુધરાઈ ખાતાએ નહિ ઉઠાવી હોય, જો અમારું કામ એક જ દિવસ બંધ રાખીએ તો માનવજાત માંદી પડી મરી જાય, આખા દેશમાં ભારેમાં ભારે રોગો થાય અને ચારેકોર દુઃખદુઃખ થઈ પડે.

''અમારી કોમના નારીમંડળ તરફથી એક બીજી વાત રજૂ કરું છું. પણે બેઠેલી પેલી કોયલ બાનુઓ અમારી ઓરતોને સતાવે છે. તેઓ ગૃહપ્રવેશ કરી, પોતાનાં ઈંડાં અમારાં ભેગાં મૂકી નાસી જાય છે. અમારી ભોળી કાગડીબાઈઓ એ લુચ્ચીઓનાં ઈંડાં સેવીને હેરાન થાય છે. આ બાબતમાં કોઈ ખાસ ઠરાવ થવાની ખાસ જરૂર છે.''

સૌએ કાગડાની દરખાસ્ત ઉપર પાછળથી ગંભીર વિચાર ચલાવવાનું ઠરાવી, આગળ ચલાવ્યું.

એક પગ ઉપર ઊભા રહીને બીજો પગ પેટમાં દાબી ઊંચી ચાંચે ગગન તરફ જોઈ ને પ્રભુનું ભજન કરવાની બગલો દરખાસ્ત લાવ્યો :

''ભાઈઓ, જુઓ મારું રૂપ કેવું સુંદર છે ! એનું કારણ એ છે કે હું માત્ર પાણી ઉપર એક પગે ઊભો રહીને ભગવાનનું ભજન કરું છું !''

કાગડો ચિડાયો અને લડી પડ્યો ! ''અરે બગલાભાઈ, રાખો રાખો. તમે તો બગભગત ને જગ ઠગભગત ! તું તો 'મુખ મેં રામ ને બગલ મેં છૂરી' એવું કરે છે. જા, જા, તારી તે ભક્તિ શેની ? લુચ્ચા ! ઠગારા !

હો હો હો થઈ રહ્યું, પ્રમુખે સીટી મારી શાંતિ પાથરી.

કાબરે પક્ષીની જાતના પ્રેમનો આદર્શ ફેલાય એટલા માટે કબૂતર અને સારસની વાતો કરી. સૌ પંખીઓએ એમનાં જેવાં પ્રેમી થવું એવી દરખાસ્ત મૂકતાં તે બોલી :

''ખરેખર કબૂતર જેવું નિર્દોષ પક્ષી બીજું કોઈ નથી. પવિત્ર પ્યાર માટે આ પંખી જગમશહૂર છે. સારસ પંખીનો પ્રેમ તો કબૂતરથીયે ચડે ! આ સારસ-સારસી જરા પણ છૂટાં રહી શકતાં નથી; એઓ બધો વખત સાથે જ રહે છે; એવો એમનો પ્રેમ છે. કોઈ પારધી એકને મારી નાંખે તો બીજું ઝૂરીઝૂરીને મરે છે. આવો પ્રેમ તો અક્કલવાળાં માણસોમાં પણ જોવા મળતો નથી. હું પક્ષીઓના જીવનમાં આવા પ્રેમની હિમાયત કરું છું.''

બધાં પક્ષીઓએ કાબરબાઈને હર્ષથી વધાવી લીધાં.

ત્યાર પછી તેતર, કબૂતર, હોલાં વગેરેની ફરિયાદો નોંધાઈ. માણસ જાત તેમનાં ઈંડાં ખાઈ જાય છે તે માટે સૌએ 'શરમ'ના ઠરાવો કર્યા.

વનવાગોળ થોડા વખત પહેલાં પશુઓની સભામાં ગઈ હતી. તેથી તેને સજા ફરમાવી કે તેણે હંમેશાં ઊંધા મસ્તકે લટકવું ને દિવસે કોઈ પક્ષીને મોં બતાવવું નહિ.

છેવટના ઠરાવમાં ઘૂવડને રાતનો ચોકીદાર નીમી, સભા બરખાસ્ત કરી. પછી રમતનો કાર્યક્રમ હતો.

ડૂબકી મારવાની રમતમાં બતક પહેલી આવી, નિશાન મારવામાં બાજ, ચતુરાઈમાં કાગડો, દોડવામાં શાહમૃગ, ને કૂદવામાં રૉબિન આગળ આવ્યાં. છટાદાર ભાષણો માટે પોપટ, કાકાકૌઆ અને કુસકુ ખૂબ વખણાયા. સૌને યોગ્યતા પ્રમાણે ઈનામ મળ્યાં.


પછી ગાનતાનનો જલસો ચાલ્યો. મધુર કંઠે કોયલબાઈએ ગાન ગાયાં, કળા કરી મોરભાઈ નાચ્યા. બુલબુલે નવી-નવી ચીજો સંભળાવી. મેનાએ પણ સૌનાં મનોરંજન કર્યાં.

સૌ ખુશી થયાં. મહાસભાનું કામ પૂરું થયું.

## ● માર્ગદર્શક સ્તંભ ●

પ્રસ્તુત પાઠનું અધ્યાપન કરાવતાં પહેલાં વિવિધ સભાઓના સમાન કાર્ય વિશે સમજાવ્યા પછી વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા. હોદ્દેદારી, દરખાસ્ત, ઠરાવ વગેરેની સંક્ષિપ્તમાં માહિતી આપવી. સભાની શિસ્ત જાળવવા પ્રેરણા આપવી. બીજાની વાત શાંતિથી સાંભળવી અને પોતાની વાત વિવેકપૂર્વક રજૂ કરવાનું મહત્ત્વ સમજાવવું. સભાના આયોજન, સંચાલન વગેરેની માહિતી આપવા સાથે માણસો તરફથી પંખીઓને થતી હેરાનગતિ બાબત ચર્ચા કરી વિદ્યાર્થીઓનાં મંતવ્યો જાણી, તે દિશામાં પક્ષીપ્રેમ કેળવવા પ્રેરણા અવશ્ય આપવી. આપણને ક્યા ક્યા પંખીઓ કઈ કઈ રીતે મદદરૂપ થાય છે તેની વિસ્તૃત ચર્ચા કરવી. કાગડો, સમડી, ગીધનાં કાર્યોના ઉલ્લેખ સાથે 'સ્વચ્છતા અભિયાન'ની વાતને સાંકળી તે વિશે પણ વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરી શકાય.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો લખો.**

(૧) પરિષદ (૨) માંડવો (૩) ભીડ (૪) બહેન
(૫) પૂર્વજો (૬) વિશ્વવિખ્યાત (૭) શિકારી (૮) તરફેણ

**સ. ૨ 'મહાસભા' એટલે મોટી સભા. નીચેના શબ્દોની આગળ 'મહા' લગાડી શબ્દ ફરીથી લખો અને તેનો અર્થ પણ લખો.**

(૧) ----રાજા (૨) ----યુદ્ધ (૩) ----જ્ઞાની
(૪) ----પાપી (૫) ----રાણી (૬) ----શાળા

**સ. ૩ નમૂના પ્રમાણે શબ્દ બનાવો : દા. ત. દરેક વન – વનેવન**

(૧) દરેક જંગલ – -------- (૨) દરેક ઘર – --------
(૩) દરેક ગામ – -------- (૪) દરેક રાજ્ય – --------

**સ. ૪ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો. દા. ત. શાંતિ – અશાંતિ**

(૧) દોષ (૨) આશા
(૩) ધનિક (૪) ભેળ

**સ. ૫ નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(૧) જગમાં પ્રસિદ્ધ હોય તેવું –
(૨) નિશાન તાકવામાં હોંશિયાર હોય એવી –
(૩) સ્વેચ્છાએ સેવા કરનાર –
(૪) આવવા માટેનું કહેણ –

### સ. ૬ યોગ્ય વિકલ્પ આપી વિધાન પૂર્ણ કરો.

(૧) મહાસભાના મંડપ તરીકે -------- પસંદ કર્યું.
- (અ) ગીરનું જંગલ
- (આ) તાડોબાનું જંગલ
- (ઈ) પંચવટીનું જંગલ

(૨) મહાસભામાં -------- સ્વયંસેવક તરીકે તનતોડ મહેનત કરી.
- (અ) ચકલાં અને કાબરોએ
- (આ) કબૂતરો અને હોલાઓએ
- (ઈ) કાગડા અને કોયલે

(૩) મહેમાનોને જગાડવાનું કામ -------- એ કર્યું.
- (અ) મોરે
- (આ) કૂકડાએ
- (ઈ) કોયલે

(૪) કાકાકૌઆએ પ્રમુખશ્રી તરીકે ગરુડરાજની દરખાસ્ત મૂકી કારણ કે --------.
- (અ) પ્રાચીનકાળથી તેમના વડવાઓ જ પ્રમુખ હતા
- (આ) તેને વિષ્ણુ ભગવાનના વાહન થવાનું માન મળ્યું હતું
- (ઈ) તેમણે ઉપસ્થિત રહીને સભાની શોભામાં વધારો કર્યો હતો

### સ. ૭ ક્યા રાજ્યના ક્યા પંખી તે લખો.

(૧) કાશ્મીરનો – ________________ (૨) પંજાબનો – ________________

(૩) બંગાળનો – ________________ (૪) ગુજરાતની – ________________

### સ. ૮ કહો એ કોણ ?

(૧) ઉપપ્રમુખની દરખાસ્ત મૂકનાર – __________

(૨) આફ્રિકાનું પ્રખ્યાત પંખી – __________

(૩) સૌથી પહેલાં પોતાના બે બોલ બોલનાર – __________

(૪) દરિયાઈ લશ્કરના એક મોટા અને બાહોશ અમલદાર – __________

(૫) નિશાનબાજ તરીકે ચૂંટાનાર – __________

### સ. ૯ તો શું થાય?

(૧) કાગડાઓ એક દિવસ પોતાનું કામ બંધ રાખે તો __________

(૨) પારધી સારસને મારી નાંખે તો __________

(૩) પંખીઓ માણસજાતથી દુઃખી થઈને મહાસભા ભરે તો __________

**સ. ૧૦ યોગ્ય રીતે જોડો.**

| | 'અ' | 'બ' |
|---|---|---|
| (૧) | ડૂબકી મારવામાં પ્રથમ | બાજ |
| (૨) | નિશાન તાકવામાં હોંશિયાર | રૉબિન |
| (૩) | ચતુરાઈમાં પ્રથમ | શાહમૃગ |
| (૪) | દોડવામાં પ્રથમ | કાગડો |
| (૫) | કૂદવામાં આગળ | બતક |

**સ. ૧૧ નીચેના પંખીઓની વિશેષતા જણાવો.**

(૧) પોપટ, કાકાકૌઆ અને કુસકુ

(૨) કોયલ, મોર, બુલબુલ અને મેના

(૩) કાગડો, ગીધ, સમડી

**સ. ૧૨ વિચાર કરીને જવાબ લખો.**

(૧) પંખીઓની મહાસભાનો સમય જણાવો. [ ]

(૨) ગીધોનું વસતિથી દૂર રહેવાનું કારણ જણાવો. [ ]

(૩) કોયલબેનો તરફથી કાગડીઓને થતો ત્રાસ જણાવો. [ ]

(૪) પક્ષીઓની મહાસભામાં વનવાગોળને થયેલી સજા અને તે સજા થવા પાછળનું કારણ જણાવો. [ ]

**સ. ૧૩ નીચેનાં પક્ષીઓની જાતિ બદલો.**

મોર, પોપટ, કાગડો, ચકલી, કબૂતર, સારસી, હંસ, બગલો, કૂકડી, કોકિલ

**સ. ૧૪** 'શાહમૃગ' વિશે ૫થી ૭ વાક્યો લખો.

★ પંખીઓને માણસજાત તરફથી કેવા કેવા પ્રકારની હેરાનગતિ થાય છે ? તે કહો.

---

## પ્રકલ્પ

★ આ પાઠમાં જેનો ઉલ્લેખ થયો છે તે બધાં પરદેશી પંખીઓની માહિતી ઈન્ટરનેટ ઉપરથી મેળવીને 'વિદેશી પંખીઓની દુનિયા' વિશે પ્રોજેક્ટબુક તૈયાર કરો.



# માદામ કામા

| જન્મ | મૃત્યુ |
|---|---|
| ૨૪/૦૯/૧૮૬૧ | ૧૩/૦૮/૧૯૩૬ |

માદામ કામાનું આખું નામ ભિખાઈજી રુસ્તમજી કામા. તેમનો જન્મ મુંબઈમાં ચોવીસમી સપ્ટેમ્બર, ૧૮૬૧ના રોજ. તેમના પિતાનું નામ સોરાબજી ફરામજી પટેલ ને માતાનું જીજીબાઈ.

શાળાનું શિક્ષણ પૂરું થયું એટલે ફ્રેંચ, જર્મન જેવી ભાષાઓનું શિક્ષણ તેમણે ઘેર બેઠાં લીધું. તેઓ નાનપણથી ખૂબ હોંશિયાર અને સ્વભાવે દયાળુ હતાં. કોઈનું દુઃખ જોઈ ન શકે. કોઈનું દુઃખ જુએ કે તુરત જ એમની વહારે ધાય.

ઈ. સ. ૧૮૮૫માં ભારતીય કોંગ્રેસનું પહેલું અધિવેશન ભરાયું ત્યારે ભિખાઈજીની ઉંમર ચોવીસ વર્ષની. તેમણે એ અધિવેશનમાં હાજર રહી, આપણા દેશનેતાઓનાં ભાષણો રસપૂર્વક સાંભળ્યાં. એમના ચિત્ત પર એ ભાષણોની ઊંડી અસર થઈ. પછીથી તેઓ દેશસેવાનાં કામો કરવા લાગ્યાં. સ્ત્રીઓની સેવા કરતાં મંડળોમાં આગળ પડતો ભાગ લેવા લાગ્યાં.

ભિખાઈજીના પતિ ધનવાન કુટુંબના હતા; વિદ્વાન ધારાશાસ્ત્રી હતા. તેમણે ભિખાઈજીને એમની મનગમતી પ્રવૃત્તિ કરવા માટે પૂરતી મોકળાશ આપી. આથી ભિખાઈજી લોકસેવા અને દેશસેવામાં પૂરા જોશથી કામ કરવા લાગ્યાં. ન જોયું ઘર સામે, ન જોયું જાત સામે. જ્યારે મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે જાનના જોખમે એમણે સૌની સારવાર કરેલી.

ભિખાઈજી આમ તો દાદાભાઈ નવરોજીના શિષ્યા પણ શ્યામજી કૃષ્ણ વર્મા સાથે એમને વધારે ગોઠ્યું. તેઓ હિંસક ક્રાંતિનીયે તૈયારીમાં પડ્યા અને ‘ભારતીય ક્રાંતિનાં માતા’નું બિરુદ પામ્યા.

જર્મનીમાં મળેલી સમાજવાદીઓની બીજી આંતરરાષ્ટ્રીય મહાસભામાં તેમણે આખી રાત જાગીને તૈયાર કરેલો ધ્વજ રજૂ કર્યો અને કહ્યું હતું કે, ‘આ છે મારા ભારત દેશનો ધ્વજ ! સૌએ અદબપૂર્વક એ ધ્વજને સલામી આપી હતી. આવો ધ્વજ જર્મનીની મહાસભામાં રજૂ કરી ભિખાઈજીએ દેશનાં શાન-માન વધાર્યાં.

ભિખાઈજી એમની જિંદગીના છેલ્લા દિવસોમાં એકલાં-અટૂલાં પડી ગયેલાં. માત્ર વિનાયક સાવરકર એમની દેખભાળ રાખતા.

તેરમી ઑગસ્ટ, ૧૯૩૬ના રોજ ‘વંદે માતરમ્’ના રટણ સાથે તેમણે દેહ છોડયો હતો.

સ્ત્રીઓ પણ લોકો માટે, દેશ માટે ધારે તો ઘણું ઘણું કરી શકે. એટલું જ નહિ, પણ માતૃભૂમિનું ઋણ ફેડવા માટે આપણે હરહંમેશ તૈયાર રહેવું જોઈએ.

– શ્રદ્ધા ત્રિવેદી

**અજ્ઞાનનો સ્વીકાર એ જ્ઞાનનું પ્રથમ પગથિયું છે.**

❀ ❀ ❀

# ૩ વાદવિવાદ

**જીવરામ જોષી**

**જીવરામ જોષી :** સૌરાષ્ટ્રમાં આવેલા ગરણી ગામમાં તેમનો જન્મ થયો હતો. ગુજરાતી છ ધોરણ સુધી ભણેલા. અંગ્રેજીનું સાધારણ જ્ઞાન પણ ધરાવતા હતા. 'ઝગમગ' અને 'છુકછુકગાડી' જેવા બાળપત્રિકાના તંત્રી તરીકે તેમણે સુંદર કામગીરી બજાવી હતી. તેમણે રચેલા બાલસાહિત્યનો જોટો જડે તેમ નથી. 'મિયાં ફૂસકી', 'અડૂકિયો-દડૂકિયો', 'છેલછબો' તેમનાં અમર પાત્રો છે. આવાં અમર પાત્રોએ બાળનાટ્ય ક્ષેત્રે અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.

પ્રસ્તુત કૃતિમાં રાજા ભોજ અને કવિ કાલિદાસનો એક પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. ભોજરાજાના પ્રશ્નોના ઉત્તરમાં કવિ જ્યારે રાજાની વાતમાં હા એ હા અને ના એ ના કહે છે ત્યારે રાજા તેમને હજૂરિયા થઈ ગયાનું જણાવે છે. કાલિદાસ પોતે સત્ય જ કહે છે તે વાતને વળગી રહે છે. તે જ વખતે ચાર મૂર્ખાઓનો સંવાદ સાંભળીને કવિ એ ચારેયને પ્રશ્ન પૂછે છે કે, તમે જે વાત કરી રહ્યા છો, તે જાણો છો ખરા ? એ ચારેય ના પાડે છે અને તેઓ અનુમાનથી વાત કરતા હોવાનું જણાવે છે. ત્યારે કવિ તેમને સમજાવે છે કે આપણે જે વાત જાણતાં ન હોઈએ તે માટે વાદવિવાદ કરવો એ મૂર્ખાઇ કહેવાય. આમ કવિ કાલિદાસ ચાર મૂર્ખાઓની સાથે સાથે રાજા ભોજને પણ સાનમાં સમજાવી દે છે.

---

એકવાર રાજા ભોજ ફરવા નીકળ્યા.

સાથે કવિ કાલિદાસ પણ હતા.

વાતો કરે છે અને ચાલ્યા જાય છે. મારગમાં ઘણી વસ્તુઓ આવે છે. રાજા ભોજ જુએ છે અને પૂછે છે કે, કવિરાજ ! આ બાવળને કાંટા ન હોત તો શું ખોટું હતું?

કવિ કહે : કંઈ નહીં.

રાજા કહે : કંઈ કેમ નહિ? ખોટું તો હોવું જ જોઈએ. નહિ તો કુદરત કાંટા શા માટે પેદા કરે !

કવિ કહે : એ પણ ખરું.

આમ બે ચાર વાર જુદી જુદી વાત ભોજ રાજાએ પૂછી, આમ ન હોવું જોઈએ એમ કહે તો કવિ કાલિદાસ કહેશે કે હા, ન હોવું જોઈએ, આમ હોવું જોઈએ, એમ રાજા કહે તો કવિ કહેશે હાજી હોવું જોઈએ.

ત્યારે રાજા ભોજે કહ્યું : કવિ, તમેય જી હજૂરિયા થઈ ગયા લાગો છો. અમે હા કહીએ તો તમેય હા કહો છો અને અમે ના કહીએ તો તમે ના કહો છો.

કવિ કહે : ના જી. હું સાચું કહું છું. જરાય ખોટું નથી.

રાજા કહે : ખોટું તો છે જ. હું કહું આમ જોઈએ તો તમે હા કહો છો. હું કહું છું કે આમ ન જોઈએ તો ના કહો છો એટલે તમે મને રાજી રાખવા મારી હા એ હા અને ના એ ના કહો છો.

કવિ કહે : ના જી. હું જે કહું છું. તે સત્ય જ કહું છું.

રાજા કહે : ખોટું.



આમ વાતો કરે છે અને ચાલ્યા જાય છે. ત્યાં ચાર માણસોને લડતા જોયા. રાજા ભોજ અને કવિ કાલિદાસ ઊભા રહી ગયા.

આ ચાર મૂરખા હતા.

એક ગામથી બીજે ગામ જવા નીકળ્યા હતા. મારગમાં એક મોટો પથ્થર આવ્યો. જમીનમાં ખોડેલા જેવો હતો. ચાર મૂરખા ઊભા રહી ગયા.

એક કહે : આ કોઈ જૂના મહાદેવજી છે.

બીજો કહે : ના રે ના, મહાદેવજી હોય તો મંદિર ક્યાં જાય ? આ તો હાથીને બાંધવાનો ખીલો છે. પહેલાના સમયમાં આ જગાએ પુરાણું નગર હતું.

ત્રીજો કહે : હાથીને બાંધવાનો ખીલો ના હોય. હાથી રાખે રાજા. આ તો કોઈ જૂના સમયના હનુમાનજી છે.

ચોથો કહે : તું મૂરખો છે. આવા હનુમાનજી ન હોય.

ત્રીજો કહે : ન કેમ હોય ? તારામાં અક્કલ નથી.

ચોથો કહે : તારામાં નથી.

'એમ !'

'હા.'

આમ ચારે મૂરખા વાદ કરવા બેઠા. એમાંથી બોલાબોલી થઈ. તેમાંથી મારામારી કરવા બેઠા.

ત્યાં કવિ કાલિદાસ અને રાજા ભોજ પહોંચી ગયા.

કવિ કાલિદાસે પૂછ્યું કે : તમે ચારેય કહો છો. તે વાત તમે નક્કી જાણો છો ?

ચારેય કહે : ના ભાઈ. અમે તો અક્કલથી વિચારીએ છીએ કે, આમ હશે.

કવિ કાલિદાસે કહ્યું : આમ હશે અને તેમ હશે, એવું ધારીને લડવા બેસે તે મૂરખા. કોઈ કહે આમ હશે તો સાંભળી લેવું, બીજો કહે તેમ હશે તો ય સાંભળી લેવું. જે વાત આપણે ચોક્કસ ન જાણતા હોઈએ તે માટે લડવું એ મૂર્ખાઈ.

ચારેય લજાઈ ગયા.

પોતે મૂરખા ઠરી ગયા. ચૂપચાપ ચાલતા થયા.

કવિ કાલિદાસે રાજા ભોજ સામે જોયું. રાજા સમજી ગયા કે કવિ કાલિદાસ પોતાની વાતમાં હા એ હા અને ના એ ના કેમ કહેતા હતા.


કવિ બોલ્યા : આપે પૂછ્યું કે, બાવળને કાંટા કેમ હોય છે ? ડાળી કેમ નહિ. તે આપણે કોઈ સમજી શકતા નથી. એવી વાતમાં કોઈ કહે આમ, તો તેમાં હા કહેવી. ના કહીએ તો વાદવિવાદ થાય. જે ચોક્કસ ન હોય તે માટે વાદવિવાદ કરી લડવા બેસવું એ મૂર્ખાઈ ગણાય.

---

## ● માર્ગદર્શક સ્તંભ ●

આ કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓને રાજા કૃષ્ણદેવરાય અને તેનાલીરામનના પ્રસંગો બાબત પૂછીને તેમને વિષયાભિમુખ કરવા. જીવરામ જોષીની વાર્તાઓ, ચિત્રવાર્તાઓ વગેરેનો પરિચય આપવો. કવિ કાલિદાસ વિશે પણ ઉપરછલ્લો પરિચય આપવો. આ કૃતિ બાબત નાના નાના પ્રશ્નો પૂછીને તેના વિષયવસ્તુને સ્પષ્ટ કરવું. 'વાદવિવાદ'નો સાચો મર્મ સમજાવી પાઠના શીર્ષકની યથાર્થતાનો ખ્યાલ પણ આપી શકાય. અજ્ઞાનતા જાહેર કરવા કરતાં મૌન રહેવામાં શાણપણ છે તે પણ સમજાવી શકાય.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો લખો.**

(૧) રસ્તો (૨) ચીજ (૩) સત્ય (૪) કંટક
(૫) પ્રાચીન (૬) બુદ્ધિ (૭) શિવજી ૮) શાખા

**સ. ૨ ઉદાહરણ મુજબ યોગ્ય રીતે જોડો. દા. ત. : રાજી – નારાજી**

| | 'અ' | 'બ' |
|---|---|---|
| (૧) | ખોટું | નવું |
| (૨) | ડાહ્યા | વિદ્વાન |
| (૩) | આકાશ | સાચું |
| (૪) | પુરાણું | ગાંડા |
| (૫) | મૂર્ખ | ધરતી |

**સ. ૩ નમૂના પ્રમાણે શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો.**

(૧) કાલિદાસ - સમજદાર - રમણીય - યથાશક્તિ

(૨) વાદવિવાદ -

(૩) મારામારી -

(૪) ચૂપચાપ -

(૫) મૂર્ખાઈ -

**સ. ૪ નમૂના પ્રમાણે શબ્દ બનાવો. દા. ત. મૂર્ખ - મૂર્ખાઈ**

| | | | |
|---|---|---|---|
| (૧) ઊંડું | (૨) લાંબું | (૩) પહોળું | (૪) ચોખ્ખું |
| (૫) નરમ | (૩) ઠાવકું | (૭) લુચ્ચું | (૮) સાદું |

**સ. ૫ જોડણી સુધારી શબ્દ ફરીથી લખો.**

| | | |
|---|---|---|
| (૧) મૂરખાઈ | (૨) હજુરીઆ | (૩) વાદવીવાદ |
| (૪) પતથર | (૫) અકલ | (૬) નીકળીઆ |

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો.**

(૧) એક વાર રાજા ભોજ કવિ કાલિદાસ સાથે --------.

(અ) ફરવા નીકળ્યા

(આ) શિકારે નીકળ્યા

(ઈ) યુદ્ધ કરવા નીકળ્યા

(૨) રાજા ભોજે કવિ કાલિદાસને કહ્યું કે --------.

(અ) તમે સત્યવાદી બની ગયા છો

(આ) તમે હજૂરિયા થઈ ગયા છો

(ઈ) તમે શાંત થઈ ગયા છો

(૩) મારગમાં આવેલો પથ્થર --------.

(અ) જમીન ઉપર એમજ પડ્યો હતો

(આ) ઝાડના ટેકે પડેલો હતો

(ઈ) જમીનમાં ખોડેલો હતો

(૪) ચાર મૂર્ખાઓમાંથી એકે પથ્થરને --------.

(અ) હાથીને બાંધવાનો ખીલો ગણાવ્યો

(આ) ઘોડાને બાંધવાનો ખીલો ગણાવ્યો

(ઈ) ગાયને બાંધવાનો ખીલો ગણાવ્યો

**સ. ૭ નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

(૧) જે ચોક્કસ ન હોય તે માટે વાદવિવાદ કરી લડવા બેસવું એ મૂર્ખાઈ ગણાય.

(૨) કવિ તમે જી હજૂરિયા થઈ ગયા લાગો છો.

(૩) આમ હશે અને તેમ હશે, એવું ધારીને લડવા બેસે તે મૂરખા.

(૪) ખોટું તો છે જ.


**સ. ૮ નીચેનાં વાક્યો બોલનાર અને સાંભળનારનાં નામ લખો.**

(૧) ''ના જી, હું સાચું કહું છું. જરાય ખોટું નથી.''

(૨) ''આ, કોઈ જૂના મહાદેવજી છે.''

(૩) ''આ બાવળને કાંટા ન હોત તો શું ખોટું હતું?''

**સ. ૯** પ્રસ્તુત પાઠમાં કુલ કેટલાં પાત્રો છે? ક્યા ક્યા?



**સ. ૧૦ નીચેનાં વાક્યોના પ્રકાર ઓળખો.**

(૧) હું સાચું જ કહું છું.

(૨) શું આ વાત સાચી છે ?

(૩) વાહ ! શું વાતાવરણ છે !

(૪) ગયેલો સમય પાછો આવતો નથી.

(૫) સારા અક્ષરે લખો.

**સ. ૧૧ (અ) જાતિ બદલો.**

(૧) કવિ (૨) હાથી (૩) રાજા (૪) ઘોડો

**(બ) વચન બદલો.**

(૧) કાંટો (૨) માણસો (૩) ગાય (૪) ખીલો

**સ. ૧૨ નીચેનાં વિશેષણોને તેના પ્રકાર પ્રમાણે યોગ્ય ખાનામાં લખો.**

પેલું, થોડું, વધુ, ઠોઠ, હોંશિયાર, ઘણું, ચાર, રૂપાળું, તે, દસ, આ, ત્રણ

| | |
|---|---|
| (૧) ગુણવાચક વિશેષણ | |
| (૨) સંખ્યાવાચક વિશેષણ | |
| (૩) દર્શકવાચક વિશેષણ | |
| (૪) પ્રમાણવાચક વિશેષણ | |

**સ. ૧૩** અકબર, બીરબલનો કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં લખો.

★ 'વાદવિવાદ' એટલે શું ? તેના વિશે વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

---

## પ્રકલ્પ

★ ઈન્ટરનેટની મદદથી કવિ કાલિદાસની માહિતી મેળવો. તેમણે લખેલી કૃતિઓનાં નામ શોધી એક સરસ મજાનું ભીંતપત્રક બનાવો.

## ✪ લેખન કૌશલ્ય ✪



### ગદ્ય પરિશીલન

★ નીચેનો ગદ્યખંડ (પરિચ્છેદ) ધ્યાનપૂર્વક વાંચીને તેની નીચેના પ્રશ્નોના જવાબ લખો.

આખી દુનિયામાં ભારતનો ડંકો વગાડનાર મહાન સંન્યાસી સ્વામી વિવેકાનંદનો જન્મ ઈ.સ. ૧૮૬૩માં બારમી જાન્યુઆરીના રોજ કોલકત્તામાં થયો હતો. એમના પિતાનું નામ વિશ્વનાથ દત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી દેવી હતું. વિવેકાનંદનું નાનપણનું નામ નરેન્દ્ર, નરેન્દ્રના પિતા પ્રસિદ્ધ વકીલ હતા. બાળક નરેન્દ્ર ખૂબજ બુદ્ધિશાળી.

એમની યાદશક્તિ એટલે ન પૂછો વાત? ચોપડી એક વખત વાંચે એટલે કડકડાટ મોઢે. એ કૉલેજમાં ભણતા ત્યારે એમના એક અંગ્રેજ સાહેબે કહ્યું હતું. ''આવો હોંશિયાર વિદ્યાર્થી મેં ક્યારેય જોયો નથી.'' નરેન્દ્ર માત્ર ભણવામાં જ હોંશિયાર હતા એવું નહિ; એ રમતગમતમાં પણ એવા જ પાવરધા. શરીર પણ એવું જ કસાયેલું. વળી એમનું ગળુંય મીઠું મધ જેવું. એમને મોઢે ભજન-ગીત સાંભળનારા તલ્લીન બની જતા.

**સ. ૧ નામ લખો.**

(૧) સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ -

(૨) વિવેકાનંદના પિતાનું નામ -

(૩) વિવેકાનંદના જન્મનું સ્થળ -

(૪) વિવેકાનંદનાં માતાનું નામ -

**સ. ૨** પ્રસ્તુત પરિચ્છેદમાં વિવેકાનંદની કઈ કઈ વિશેષતાઓ દર્શાવી છે તેનો ઉલ્લેખ કરો.

**સ. ૩** અંગ્રેજ સાહેબે વિવેકાનંદ માટે શું કહ્યું હતું ?

**સ. ૪** આ પાઠમાં આવેલા દરેક વિરામચિહ્નોનાં નામ લખો.

**સ. ૫** વિવેકાનંદનો જન્મ ક્યારે થયો હતો ?

**ખોટું બોલવા કરતાં મૌન રહેવું ઉત્તમ છે.**

3HVRQ9

૪

# છીંડું

**રમેશ ત્રિવેદી**

**રમેશ ત્રિવેદી :** ઉત્તર ગુજરાતનું કડી તેમનું વતન છે. શિક્ષણક્ષેત્રમાં પોતાની સેવા આપ્યા પછી હાલ તેઓ નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. લઘુકથાના ક્ષેત્રે તેમનું નોંધપાત્ર યોગદાન છે. 'આઠમું પાતાળ', 'આઈસબર્ગ' વગેરે તેમના લઘુકથાના સંગ્રહો છે. 'હાલકડોલક દરિયો' ટૂંકી વાર્તાનો સંગ્રહ છે. બાળસાહિત્ય ક્ષેત્રે પણ તેમણે સારું એવું લેખન કાર્ય કર્યું છે.

પ્રસ્તુત લઘુકથા તેમના 'આઈસબર્ગ' સંગ્રહમાંથી લેવામાં આવી છે. અહીં લેખકે ગ્રામ્યસંસ્કૃતિને ભરખી જતી નગરસંસ્કૃતિનું પ્રતીકાત્મક વર્ણન કર્યું છે. શહેરમાં ભણેલો અને ત્યાંના રંગે રંગાયેલો યુવાન પોતાના ગામમાં ખેતી કરવાને બદલે શહેરમાં નોકરી મેળવે છે. તેથી તેના પિતા સૂનમૂન બની જાય છે. ખેતરની વાડમાં પડેલા છીંડાના પ્રતીક દ્વારા ગ્રામ્યસંસ્કૃતિને તૂટતી બતાવી છે. ખેતર વચ્ચે ઊભેલું કોણ છે ? પોતાનો દીકરો કે પછી ચાડિયો – તે નક્કી કરી શકતા નથી. તેથી પિતાની મનોવેદનાનો પાર નથી તેનું વર્ણન આ લઘુકથાને મર્મસ્પર્શી બનાવે છે.

---

બાપાએ ખભે કોદાળી મૂકીને ધીમે-ધીમે પગ ઉપાડ્યા. એમની ગર્વભરી નજર ડાંગરની લહેરાતી ક્યારીઓ તરફ મંડાઈને લીલીછમ બની ગઈ હતી; જાણે એમણે ચોતરફ જોઈ લીધું. પૂળાની સોનલવર્ણી હોગલીઓ, ટ્યૂબવેલની ઓરડી, ઢાળિયામાં વહેતું મબલક પાણી, આમલીની હાલકડોલક ઘટા, ટ્રૅક્ટર, વાડની વેલીઓના ઝૂલા પર ઝૂલતો નફકરો વગડાઉ પવન, આસપાસ લહેરાતું ઘાસ અને ખેતર વચ્ચે ઊભેલો જીવતા-જાગતા માણસ જેવો લાગતો ચાડિયો... ઊડાઊડ કરતાં પંખીઓનો કલરવ.

તેઓ ચાડિયા સામે જોતાં જોતાં આગળ વધી રહ્યા. એમના પગ ધીમે-ધીમે ઊંચકાતા હતા. એ કશાક ગળાડૂબ વિચારોમાં ડૂબી ગયા હોય તેમ ધીમે-ધીમે આગળ વધી રહ્યા હતા અને...

– બાપા !

– હં... તેમના પગ એકાએક થંભી ગયા.

– બાપા ! નોકરી મળી ગઈ મને ! વાડના વળાંક આગળથી ચાલી છોકરો બાપાની સામે આવી ઊભો. બાપા સૂનમૂન બની એની સામે જોઈ રહ્યા.

– ગમ્યું ને બાપા ?... છોકરાનો શ્યામ-દુબળો ચહેરો પ્રસન્ન લાગતો હતો.

– હાસ્તો... કહી બાપા ફિક્કું હસ્યા.

છોકરાની આંખો એના હાથમાંના કાગળ પર સ્થિર થઈ ગઈ હતી. થોડુંક મૌન જાળવી તેમણે ફરી પગ ઉપાડ્યા, છોકરો આગળ કશું જ બોલ્યો નહીં – બોલી શક્યો નહીં. વિચારોમાં ડૂબેલા બાપાના અડવડતાં પગલાં – ખેતરની માટી-ઢેફાં, વાડમાંથી ફૂંકાતો નજર સાથે આવીને અથડાતો – તોરભર્યો પવન – દૂર-દૂર શહેરની આથમણી દિશા ભણી વાઈ રહ્યો હતો. બાપાએ પાછળ જોયું. છોકરો હજુય કાગળ સામે જોતો ઊભો હતો. લાડકોડમાં ઊછરેલો એકનો એક દીકરો શહેરમાં જઈને ભણ્યોગણ્યો. ને પછી એણે શહેરમાં જ નોકરી મેળવવા કેટકેટલા ઉધામા કર્યા ! ધરાઈને ખાધું-પીધું નહીં... ગામમાં, ખેતરમાં શું નથી ? એ તંતીલાને કેટકેટલું સમજાવ્યો? ને છેવટે તો એણે એનું ધાર્યું જ !...




બાપાએ ઊંડો શ્વાસ ખેંચ્યો. પગ આગળ ઢસડાવા માંડ્યા. ખાસ્સું ચાલી નાખ્યા પછી એ એકાએક થંભી ગયા - વાડ પાસે આવીને. વાડમાં મોટું છીંડું પડ્યું હતું. છીંડામાંથી પડતો ધૂળિયો રસ્તો - જઈને સીધો મળતો હતો શહેર તરફ જતા ખુલ્લા મોંવાળા વિકરાળ અજગર જેવા ડામરના રસ્તાને. અને... બાપાની નજર છીંડા સામે, થોર સામે-જોતાં-જોતાં ઝરડાઈ ગઈ જાણે - !

એકાએક એમણે પાછળ જોઈ લીધું. ઝાંખ વળેલી આંખોથી એ નક્કી કરી શક્યા નહીં કે - દૂર ખેતર વચ્ચે છોકરો ઊભો હતો કે ચાડિયો?...

## ● માર્ગદર્શક સ્તંભ ●

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓ સાથે તેમના વતન બાબત ચર્ચા કરી ગ્રામ્યજીવનનું વાતાવરણ તાદશ કરવું. ગામડાંનાં કેટલાંક દશ્યોનું વર્ણન શિક્ષકે પણ કરી બતાવવું. પ્રસ્તુત કૃતિના વિષયવસ્તુની છણાવટ પ્રશ્નોત્તર અને કથન દ્વારા કરવી. ખેતરનું વર્ણન ચાર્ટસની મદદથી કરાવી શકાય. શહેરી જીવનની ઝાકઝમાળથી ઝાંખી પડતી જતી ગામડાંની સંસ્કૃતિના જતન માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી શકાય.

# સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં ક્યા શબ્દો વપરાયા છે તે શોધો.**

(૧) પુષ્કળ (૨) અસ્થિર (૩) તોરીલું

(૪) ધમપછાડા (૫) હઠીલું (૬) પશ્ચિમ

**સ. ૨ પાઠમાં આવતા જોડશબ્દોની યાદી બનાવો.**

**દા. ત. હાલકડોલક**

**સ. ૩ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(૧) વાડમાંથી જવા-આવવા માટે કરેલો માર્ગ -

(૨) સોનાના રંગ જેવું -

(૩) ખેતરના પાકના રક્ષણ માટે ઊભો કરેલો માણસ -

(૪) પંખીઓનો કર્ણપ્રિય મધુર અવાજ -

(૫) ચિંતા વગરનો -

**સ. ૪ જોડણી સુધારી શબ્દ ફરીથી લખો.**

(૧) પુળો (૨) ઉડાઉડ (૩) સુનમુન (૪) ધૂળીયો

**સ. ૫ ઉદાહરણ મુજબ શબ્દોની જોડી બનાવો.**

દા. ત. મોટું - નાનું

| | |
|---|---|
| (૧) આથમણી | છીછરો |
| (૨) પ્રસન્ન | હૃષ્ટપુષ્ટ |
| (૩) મૌન | ઊગમણી |
| (૪) દુબળો | અપ્રસન્ન |
| (૫) ઊંડો | વાચાળ |

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિધાન પૂર્ણ કરો.**

(૧) દીકરાએ -------- નોકરી મેળવવા ઉધામા કર્યા.

(અ) ગામમાં (આ) શહેરમાં (ઈ) વિદેશમાં

(૨) ખેતર વચ્ચે -------- ઊભેલો હતો.

(અ) ચાડિયો (આ) માણસ (ઈ) વાંસડો

(૩) ડામરના રસ્તાને -------- સાથે સરખાવ્યો છે.

(અ) ઢેફાં (આ) થોર (ઈ) અજગર

**સ. ૭ નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

(૧) દીકરાએ નોકરી મળી ગયાના સમાચાર બાપાને આપ્યા.

(૨) બાપાએ ઊંડો શ્વાસ ખેંચ્યો.

(૩) ખભે કોદાળી મૂકીને બાપા ચાલતા હતા.

(૪) દીકરો પ્રસન્ન દેખાતો હતો.

**સ. ૮ ચાલો સમજીને લખીએ.**

| | |
|---|---|
| (૧) બાપાને થયેલો અફસોસ | |
| (૨) છોકરાની વાતની ડોસા પર થયેલી અસર | |
| (૩) બાપાએ જોયેલું દૃશ્ય | |

**સ. ૯ નીચેના શબ્દોના સથવારે ખેતરનું વર્ણન તમારા શબ્દોમાં લખો.**

(૧) ડાંગરની લહેરાતી ક્યારીઓ

(૨) ઘાસના પૂળાની ગંજી

(૩) ઢાળિયામાં વહેતું પાણી

(૪) ટ્રેક્ટર

(૫) લહેરાતું ઘાસ

(૬) કલરવ કરતાં પંખીઓ

(૭) ચાડિયો

**સ. ૧૦ નીચેનાં વાક્યોમાંથી વિશેષણ ઓળખીને તેની નીચે લીટી દોરો.**

(૧) બાપાએ ઊંડો શ્વાસ ખેંચ્યો.

(૨) વાડમાં મોટું છીંડું પડ્યું હતું.

(૩) શહેરની આથમણી દિશા ભણી પવન વાઈ રહ્યો હતો.

(૪) દીકરાનો ચહેરો પ્રસન્ન લાગતો હતો.

(૫) ઢાળિયામાં મબલક પાણી વહેતું હતું.

**સ. ૧૧ વચન બદલો.**

(૧) ચાડિયો (૨) ઢેફું (૩) છીંડું

(૪) પંખી (૫) ઝૂલો

★ તમારે ભવિષ્યમાં શું બનવું છે ? તે વિશે તમારા પપ્પા સાથે સંવાદ સાધો. પછી વર્ગમાં તે કહી બતાવો.

## પ્રકલ્પ

★ ખેતરમાં ખેડૂતને ઉપયોગી થાય તેવા દરેક પ્રકારના ઓજારો દોરો, તેનાં નામ લખો. તે ચાર્ટ વર્ગમાં લગાડો.

## ✪ લેખન કૌશલ્ય ✪

### ભાષાંતર

★ **ભાષાંતર કરવું એ એક કલા છે. કોઈપણ ભાષાનું ભાષાંતર કરીએ તેમાં બંને ભાષાની ઊંડી જાણકારી અને સમજ હોવી ખૂબ જરૂરી છે.**

અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ ગુજરાતી પુસ્તકનો અભ્યાસ ફક્ત એક વિષય તરીકે જ કરવાનો હોવાથી અંગ્રેજી ભાષાનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો મહાવરો કેળવવો જોઈએ. ઉદાહરણ જોઈએ તો – There is little water in the jug. કૂંજામાં પાણી થોડું જ છે. He is a little boy. તે નાનો છોકરો છે. બંને વાક્યોમાં little શબ્દના અર્થનો તફાવત ધ્યાનમાં રાખો.

★ **નીચેનાં વાક્યોનો ગુજરાતીમાં અનુવાદ કરો.**

(૧) Never leave on tomorrow, which you can do today.
(૨) The birds were chirping early in the morning.
(૩) Modern technology has made our living simple and easier.
(૪) An apple a day keeps the doctor away.
(૫) What is your plan for the future or your dream ?
(૬) Nature is God's gifts.
(૭) Do not put blind faith in the words of cunning people.
(૮) Never feel jealous of anybody's good position.
(૯) Unity is strength.
(૧૦) One best book is equal to hundred good friends but one good friend is equal to library.

## ✪ ચિત્રવર્ણન ✪

★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરીને તમારા શબ્દોમાં ૮થી ૧૦ લીટીમાં વર્ણન કરો.
સ્વચ્છતા અભિયાન અંગે જાગૃતતા.




**શહેરના ઝાકઝમાળ કરતાં ગામડાંની શાંતિ વધુ સારી.**

❀ ❀ ❀

# ૫ ના... ના... પ્લાસ્ટિક નહિ જ !

**દિવ્યાશા દોશી**

**દિવ્યાશા દોશી :** જન્મભૂમિ અને કર્મભૂમિ મુંબઈ છે. છેલ્લા ૨૫ વર્ષોથી પત્રકારત્વના દરેક ક્ષેત્રે સક્રિય છે. મેગેઝીનના સંપાદક તરીકે પણ કાર્ય કર્યું છે. સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલાં છે. તેમના નારી વિષયક લેખોનું સંકલન કરતું પુસ્તક ''આજની નારી'' પ્રકાશિત થયું છે.

હરિભાઉ પાધ્યેના 'બાપુકથા' પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. તેમની ખાસ વિશેષતા એટલે વાણિજ્ય ક્ષેત્રે સ્નાતક થયા હોવા છતાં સાહિત્યમાં તેમનું પ્રદાન અનન્ય ગણી શકાય.

પ્રસ્તુત કૃતિમાં પ્લાસ્ટિકના પ્રદૂષણ વિશે વિશદ માહિતી આપેલી છે. પ્લાસ્ટિકનો ઉપયોગ ખરેખર ટાળવો જોઈએ એમ દઢતાપૂર્વક માન્યતા ધરાવતા લોકો પણ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળી શકતા નથી. તે કેવી વિડંબણા છે ! આ કૃતિમાં પ્લાસ્ટિકના અતિરેકને ટાળવાના કેટલાક ઉપાયો પણ બતાવ્યા છે. વળી આ બાબતમાં થયેલા સર્વેક્ષણની અને એ સર્વેક્ષણના અંતે મળેલી આંકડાકીય માહિતી પણ અહીં આપેલી છે. આ કૃતિમાં ડિસ્પોઝેબલ વસ્તુઓના શોખીનોને સરસ મજાનો બોધ મળી રહે તે રીતે માહિતી આપેલી છે. આ માહિતીપ્રધાન કૃતિમાંથી મેળવેલી માહિતીનો જીવનમાં સકારાત્મક ઉપયોગ કરવાનો છે. અહીં લેખિકાએ 'પ્લાસ્ટિકની પારાયણ' વિશે લોકોને જાગૃત કર્યા છે.

---

ચોમાસામાં જૂહુના દરિયાકિનારે જાઓ તો ખારથી અંધેરી સુધીનો રેતીનો લાંબો પટ પ્લાસ્ટિકના કચરાથી છવાઈ ગયો હોય. દૂધની કે અન્ય થેલી, કાંસકા, ટાયર,પેન વગેરે અનેક પ્લાસ્ટિકના પદાર્થોના કિનારા પર ઢગ ખડકાયા હોય. ઈંગ્લીશ ફિલ્મમેકર જૉ રક્સટોને 'પ્લાસ્ટિક ઓસન' નામે ફિલ્મ બનાવીને લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કર્યા છે.

પ્લાસ્ટિક પર્યાવરણ માટે ખરાબ છે તે આપણે સૌ જાણીએ છીએ. પરંતુ તેનો ઉપયોગ કરવાનું બંધ થવાને બદલે વધી રહ્યું છે. પ્લાસ્ટિકનો ઉપયોગ આપણાં જીવન સાથે એટલો વણાઈ ગયો છે કે તેના વિના હવે માનવને ચાલતું જ નથી. તે એટલી હદે કે વિશ્વમાં દર વરસે ૨૮ કરોડ ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે. તેમાંથી મોટા ભાગનું પ્લાસ્ટિક પર્યાવરણમાં ખડકાય છે. આજે પૃથ્વીમાં એક એવું સ્થળ શોધવું મુશ્કેલ છે કે જ્યાં પ્લાસ્ટિક ન હોય. જૉ રક્સટોનના અભ્યાસ મુજબ લગભગ ૮ કરોડ ટન પ્લાસ્ટિક દર વરસે સમુદ્રમાં ઠલવાય છે. સમુદ્રમાં જે પ્લાકટોન જૈવિક વનસ્પતિ અથવા પ્રાણીઓ દ્વારા ત્યાગવામાં આવેલ પદાર્થ જે સપાટી પર તરતા હોય છે તેના પ્રમાણમાં હવે પ્લાસ્ટિકનું પ્રમાણ પણ વધી રહ્યુ છે. જો આવી જ રીતે પ્લાસ્ટિક સમુદ્રમાં ખડકાતું રહેશે તો, વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, ૨૦૫૦ની સાલ સુધીમાં માછલીઓ પાણીમાંથી લુપ્ત થઈ જશે.

સુંદર સમુદ્રનાં દશ્યો પછી ફોટાઓ અને વીડિયોમાં જ જોવાના રહેશે. આજે પણ જે સુંદર સમુદ્રની ફિલ્મો આપણને જોવા મળે છે તેનું શૂટિંગ કરતાં પહેલાં ક્રૂ મેમ્બરોએ કલાકો સુધી કિનારાની ને સમુદ્રના તળની સફાઈ કરવી પડતી હોય છે.

પ્લાસ્ટિકમાંથી છૂટતાં કેમિકલ આપણા સ્વાસ્થ્યને તો નુકસાન કરી જ રહ્યા છે, પરંતુ પ્લાસ્ટિકનો કચરો ખડકીને આપણે પર્યાવરણને ખતમ કરવા પર તુલ્યા છીએ એવું ચોક્કસ જ કહી શકાય. પ્લાસ્ટિક બાયોડિગ્રેડેબલ નથી હોતું એટલે કે તેનો નાશ નથી થઈ શકતો. એટલે વિશ્વમાં જે કરોડો ટન પ્લાસ્ટિક ઉત્પાદિત થાય છે તેને જો રિસાઈકલ ન કરવામાં આવે તો સમુદ્રમાં પણ તેના ડુંગરાઓ ખડકાશે. દરિયો પોતાના પેટમાં કચરો સંઘરતો નથી એટલે ભરતીમાં અનેક કચરાઓ કિનારાઓ પર પથરાયેલા આપણે જોઈએ છીએ. સુંદર દરિયા કિનારાને દરિયો નથી બગાડતો પણ આપણે જ નષ્ટ કરીએ છીએ. કિનારા પર પથરાયેલા કચરા કરતાં હજી અનેક ગણો કચરો સુમદ્રમાં તરતો રહે છે. તેનાથી ડોલ્ફિન, સીલ માછલીઓ સહિત અનેક જળચર પ્રાણીઓ ઘવાય છે. ગાયના પેટમાંથી પ્લાસ્ટિકની થેલીઓ નીકળી હોવાના કિસ્સાઓથી આપણે ટેવાઈ ગયા છીએ. માછલીઓના પેટમાં પણ હવે પ્લાસ્ટિકનું ટોક્સિક અને પ્લાસ્ટિક જમા થઈ રહ્યું છે. જૉ રકસટોનની ફિલ્મ પ્લાસ્ટિક ઓસનમાં અનેક દશ્યો જોવા મળશે જેમાં માણસોએ સમુદ્રમાં ખડકેલા પ્લાસ્ટિકના ઢગલાઓ જોવા મળશે કે પ્લાસ્ટિકના કચરામાં ફસાયેલી માછલીઓ કે ઘવાયેલી માછલીઓ જોવા મળે. સમુદ્રમાં પ્લાસ્ટિકની દોરીઓ, મોટા ક્રેટ, પેરાશૂટ, ફુટ્યા વિનાના બોમ્બ વગેરે સાથે હજારો પ્લાસ્ટિક બોટલો, થેલીઓ તો ખરી જ. આપણે પણ આજે પશ્ચિમની દેખાદેખી ડિસ્પોઝેબલ લાઈફ સ્ટાઇલ અપનાવી રહ્યા છીએ. ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક લાંબા ગાળે આપણને જ નડવાનું છે તે ભૂલી જઈએ છીએ. એ લાંબો ગાળો વરસોથી શરૂ થઈ ગયો છે એટલે જ જ્યાંને ત્યાં પ્લાસ્ટિક દેખાઈ રહ્યું છે. ઉનાળામાં પાણીની તરસ વધુ લાગે અને વધુને વધુ લોકો પ્લાસ્ટિકની બોટલોનું પાણી ખરીદશે અને પીશે.

આપણે ત્યાં ૨૦૦૭માં એસએનડીટી યુનિવર્સિટીના બી. દાસગુપ્તા અને એસ. ખુરાનાએ મુંબઈમાં કમર્શિયલ એકમો દ્વારા પ્લાસ્ટિક બોટલો કેટલી વપરાય છે તેનો અભ્યાસ કર્યો હતો. તે પ્રમાણે મહિનાની લગભગ ૨૫ લાખ પ્લાસ્ટિક બોટલો વપરાઈ જેનો સોફ્ટ ડ્રિન્ક અને પાણી ભરવામાં ઉપયોગ થયો હતો. જ્યારે અમેરિકામાં ૨૦૧૪માં થયેલા અભ્યાસ અનુસાર ત્યાં વ્યક્તિ દીઠ વરસની ૩૧૫ બોટલ વેચવામાં આવી તેવો અંદાજ મળ્યો હતો. આ બધા આંકડા રિસાઈકલિંગ યુનિટ તરફથી અંદાજવામાં આવ્યા છે. બીજું એક સત્ય જાણવા જેવું છે કે બોટલમાં મળતાં પાણીનું ઉત્પાદન કરવા માટે છગણું વધુ પાણી વપરાય છે. હવે તો દરેક પ્રવાહી પ્લાસ્ટિકની બોટલોમાં જ વેચાય છે. ભારતમાં તો સોફ્ટ ડ્રિન્કની બોટલ અને પાણીની બોટલોમાં ફરી ફરી પાણી ભરીને વાપરવામાં આવે છે જે સ્વાસ્થ્ય માટે નુકસાનકાર સાબિત થઈ શકે છે. આ બોટલો બનાવવા માટે પેટ પ્લાસ્ટિક વપરાય છે. વારંવાર એ બોટલમાં પ્રવાહી ભરીને વાપરવાથી તેમાં બેકટેરિયા પેદા થાય છે તેમ જ એ પ્લાસ્ટિકને વાંરવાર વાપરવાથી રસાયણ છૂટું પડીને પ્રવાહીમાં ભળે છે. તેથી એકવાર વપરાયા બાદ આ બોટલોને ક્રશ કરીને ફેંકી દેવી જોઈએ. આ બોટલો મોટે ભાગે રિસાઈકલ થઈ શકે છે.

દરેક પ્લાસ્ટિક કંટેનર કે બોટલની નીચે ત્રિકોણાકારની સાથે નંબર લખેલો હોય છે. પેટ ૨ નંબર લખેલું પ્લાસ્ટિક દૂધ, ડીટરજન્ટ કે બટર કંટેનર તરીકે વપરાય છે. તેને ફરીને વાપરી શકાય છે. તે જોખમી નથી હોતું.

માઈક્રોવેવમાં કોઈપણ પ્લાસ્ટિક ન વાપરવું જોઈએ. કારણ કે કોઈપણ પ્લાસ્ટિક ગરમ થતાં તેમાંથી કેટલાંક રસાયણો છૂટાં પડીને તેમાં રાખેલા ભોજનમાં ભળી જાય છે.

પ્લાસ્ટિકનો ઉપયોગ શક્ય તેટલો ન કરવો એ જ હિતાવહ છે. એક જમાનો હતો જ્યારે આપણે ત્યાં માટીના, કાચના અને સ્ટેઈનલેસ સ્ટીલનાં વાસણો અને ડબ્બાઓનો ઉપયોગ થતો હતો. જો કે હવે વિશ્વભરમાં જાગૃત વ્યક્તિઓ પ્લાસ્ટિકનો ઉપયોગ સભાનપણે ઓછો કરી રહ્યા છે. પ્લાસ્ટિકની થેલીઓને કારણે ગટરો ચોકઅપ થતાં પૂરની સ્થિતિ મુંબઈગરાઓએ અનુભવી જ છે. આમ તો સમુદ્ર મોટેભાગે પોતાના પેટમાં કશું સંઘરતો નથી. પ્લાસ્ટિક પણ કિનારાઓ પર સાભાર પરત પાથરી દે છે તે છતાં પાણીમાં ગરમ થઈને અનેક રસાયણો સમુદ્રના પાણીને ટોક્સિક બનાવી દે છે જે જળચર પ્રાણીઓના સ્વાસ્થ્યને નુકસાન કરે છે. તેના સૌંદર્યને નુકસાન કરે છે. પર્યાવરણને નુકસાન કરે છે જે છેવટે મનુષ્ય જાતિને જ નુકસાનકર્તા ઠરે છે. કઈ રીતે તે જોઈએ.

- આપણે જે ઑક્સિજન શ્વાસમાં લઈએ છીએ તેનો ૭૦ ટકા ઑક્સિજન સમુદ્ર પેદા કરે છે.
- આપણે જે સીઓટુ એટલે કે કાર્બન પેદા કરીએ છીએ તેમાંથી ૩૦ ટકા કાર્બન સમુદ્ર શોષી લે છે.
- ૨૦૦૭ની સાલમાં ૨.૧૨ બિલિયન ટન પ્લાસ્ટિક આપણે સમુદ્રમાં ઠાલવ્યું છે.
- ૨૦૧૦માં ૨૧૫ મિલિયન મેટ્રિક ટન પ્લાસ્ટિક સમુદ્રમાં ઠલવાયું હોવાના આંકડા મળે છે.
- ૨૦૧૪, મેક્સિકો ગલ્ફનો ૪૦૦૦ સ્કેવર માઈલનો વિસ્તાર પ્રદૂષણને કારણે જીવસૃષ્ટિ રહિત બની ગયો છે દુનિયામાં આવા બીજા ૪૦૦ કરતાં વધુ ડેડઝોન સમુદ્રમાં ઊભા થયા છે અને તે પ્લાસ્ટિક પ્રદૂષણને કારણે જ. દર વરસે લાખો ટન કચરો જે સમુદ્રમાં ઠલવાઈ રહ્યો છે તેમાં પ્લાસ્ટિક પણ છે જેની આવરદા હોય છે ૪૦૦ વરસ.

જે પ્લાસ્ટિક સમુદ્રમાં નથી તે જમીનમાં દટાય છે કે પછી બાળી નાખવામાં આવે છે. દરેક રીતે તે આપણને નુકસાન જ પહોંચાડે છે.

એવું નથી કે અત્યાર સુધી પ્લાસ્ટિકના આ ઢગલાઓને ઓછા કરવા દુનિયામાં કશું જ નથી થયું. પ્લાસ્ટિકને રિસાઈકલ કરવામાં આવે છે પણ હજી સુધી ઘરવપરાશના ૧૨ ટકા પ્લાસ્ટિકને જ રિસાઈકલ કરવામાં આવે છે ૨૦૧૦ની સાલમાં વારવિક યુનિવર્સિટીએ પ્લાસ્ટિકને રિસાઈકલ કરીને ફ્યુલ બનાવવાની પ્રક્રિયા શોધી કાઢી છે. અમેરિકન નેવી અને કેટલીક ક્રુઝ પોતાના પ્રવાસ દરમિયાન વપરાતું પ્લાસ્ટિક ૫૦૦૦ સેન્ટિગ્રેડની ગરમીએ ગરમ કરી તેને ફરીથી વાપરવા માટે તૈયાર કરે છે. કેનેડિયન કંપનીએ પ્લાઝમા પ્લાન્ટ દ્વારા એક સાથે ૧૦૦ કરોડ ટન પ્લાસ્ટિક રિસાઈકલ કરવાનું શરૂ કર્યું છે. ડચ વ્યવસાયિક એવું સાધન બનાવી રહ્યો છે કે તે દુનિયાના સમુદ્રમાંથી લાખો ટન પ્લાસ્ટિકનો કચરો જમા કરશે. જર્મની જેવા કેટલાક દેશોમાં એવા કાયદા છે કે જે કંપનીઓ પ્લાસ્ટિક પેદા કરે તે જ એના કચરાનો નિકાલ કરવા જવાબદાર હોય. કંપનીના પ્લાસ્ટિક કચરાના કલેક્શન યુનિટો ઠેર ઠેર રાખવામાં આવ્યા જ હોય. ૨૦૧૩ની સાલમાં પેરુના લિમા શહેરમાં એક સામાજિક કાર્યકરે પ્લાસ્ટિક બૅંક


શરૂ કરી જેમાં લોકો પ્લાસ્ટિક નાખી જાય. તે પ્લાસ્ટિકને રિસાઈકલ કરવામાં આવે. વૈજ્ઞાનિકો અને અભ્યાસુઓ કહી રહ્યા છે કે આપણે એટલે કે માનવજાતે સમજવાની જરૂર છે કે પ્લાસ્ટિક ડિસ્પોઝેબલ નથી. આપણે આ બધા પેકેજિંગની જરૂર નથી. ૧૯૬૦ની સાલમાં આપણે ૮૦ લાખ ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન કર્યુ હતું. આજે ૩૦ કરોડ ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થઈ રહ્યું છે. કલ્પના કરો કે થોડાં જ વરસોમાં આપણે પ્લાસ્ટિકના સમુદ્રમાં હોઈશું. પૃથ્વીને નષ્ટ કરવામાં પ્લાસ્ટિક કારણભૂત બને તો નવાઈ નહિ.

---

## ● માર્ગદર્શક સ્તંભ ●

આ કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં જુદાજુદા પ્રદૂષણ વિશે ચર્ચા કરવી. પ્રદૂષણથી થતાં નુકસાનની ચર્ચા કરવી. દરેક પ્રકારના પ્રદૂષણથી વાકેફ કરી તે દરેકને ટાળવાના જુદાજુદા ઉપાયો વિશે વર્ગમાં સક્રિય ચર્ચા કરવી. આ ચર્ચા સાથે પ્લાસ્ટિકના પ્રદૂષણની વાતો કરવી. પાઠના અનુસંધાનમાં જરૂરી લાગે તે માહિતી આપવી અને અન્ય માહિતી પ્રશ્નો પૂછીને ઉત્તરરૂપે વિદ્યાર્થીઓ પાસેથી પણ મેળવવી. માહિતીપ્રધાન પાઠ હોવાથી તેનું અધ્યયન કરાવતાં અગાઉ તે સંબંધી ચોક્કસ પ્રશ્નો આપીને વિદ્યાર્થીઓ સ્વયં અધ્યયન કરવા પ્રેરાય તે રીતે ઉપક્રમ આપવા.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) ચેતના (૨) આરોગ્ય (૩) નુકસાનકારક (૪) પુરવાર
(૫) વિસ્તાર (૬) પ્રાણવાયુ (૭) લાભદાયી (૮) લગભગ

**સ. ૨ યોગ્ય રીતે જોડો.**

| અ | બ |
|---|---|
| (૧) પશ્ચિમ | (અ) જવાબદાર |
| (૨) ઉધાર | (આ) પૂર્વ |
| (૩) નફો | (ઇ) જમા |
| (૪) બેજવાબદાર | (ઈ) સુરક્ષિત |
| (૫) જોખમી | (ઉ) નુકસાન |

**સ. ૩** પાઠમાં આવેલા બધા અંગ્રેજી શબ્દોની યાદી બનાવી તેના ગુજરાતી શબ્દો શબ્દકોશનો ઉપયોગ કરીને લખો.

_________ _________ _________
_________ _________ _________
_________ _________ _________
_________ _________ _________

**સ. ૪ નીચેના શબ્દસમૂહો માટે યોગ્ય ક્રિયાદર્શક શબ્દ પાઠમાંથી શોધીને લખો.**

(૧) એક પાત્રમાંથી બીજામાં નાંખવું ________

(૨) કોઈપણ વસ્તુનો ઢગલો થવો ________

(૩) વસ્તુ કે પદાર્થ ભેગા કરવા ________

(૪) શારીરિક કે માનસિક ઈજા થવી ________

(૫) કોઈના કામમાં બાધારૂપ બનવું ________

(૬) જમીનમાં વસ્તુ દબાઈને ઉપર માટીથી ઢંકાઈ જવું ________

(૭) પ્રવાહી પદાર્થનું ચુસાઈ જવું ________

**સ. ૫ નીચેના શબ્દચોરસમાં ગણિતના સ્થાનદર્શક એકમો આડા-ઊભા-ત્રાંસા-ઊંધા છે તેને શોધી તેની ફરતે ⬭ કરો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દ | સ | હ | જા | ર | અ | સો |
| ડ | સ | શ | સ | બં | દ | જ |
| બિ | રો | ક | જ | હ | સ | બ |
| સ્ત્ર | લિ | ક | રો | ત | લા | અ |
| ક | મિ | ય | સ | ડ | ખ | સ |
| હ | જા | ર | ન | દ | લા | દ |

જવાબો : (૧) દસ હજાર (૨) સો (૩) હજાર (૪) લાખ (૫) દસ (૬) કરોડ (૭) અબજ (૮) દસલાખ (૯) દસ કરોડ (૧૦) બિલિયન (૧૧) દસ અબજ

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.**

(૧) જૂહુના દરિયાકિનારે ખારથી અંધેરી સુધીના લાંબા પટ પર ________.

(અ) રેતી ને રેતીના ઢગ જોવા મળે છે

(આ) પ્લાસ્ટિકની થેલી, ડબ્બા, ટાયર, પેનના કચરા જોવા મળે છે

(ઈ) ખાવાપીવાની લારીઓ અને તેનો એંઠવાડ જોવા મળે છે

(૨) રોજબરોજના જીવનમાં માણસોને ________.

(અ) પ્લાસ્ટિકના ઉપયોગ વિના ચાલતું નથી

(આ) પ્લાસ્ટિકનો કચરો વધાર્યા વિના ચાલતું નથી

(ઈ) પ્લાસ્ટિક ભેગું કર્યા વિના ચાલતું નથી

(૩) વૈજ્ઞાનિકોનું કહેવું છે કે જો સમુદ્રમાં પ્લાસ્ટિક ખડકાતું રહેશે તો ________

(અ) સમુદ્રનું પાણી પ્રદુષિત થતાં તેનું બાષ્પીભવન અટકી જશે.

(આ) સમુદ્રમાંના જળચર પ્રાણીઓનું સ્વાસ્થ્ય બગડી જશે.

(ઈ) જતે દહાડે માછલીઓ પાણીમાંથી લુપ્ત થઈ જશે.

(૪) સમુદ્રના કિનારે કચરાના ઢગલા જોવા મળે છે. કારણ કે ________

(અ) સમુદ્ર કચરો સંઘરતો ન હોવાથી ભરતીમાં કચરો કિનારા પર પાથરે છે.

(આ) સમુદ્રકિનારે લારીવાળા પણ કચરો ઠાલવે છે.

(ઈ) કંપનીઓ પણ ગંદુ પાણી અને કચરો ઠાલવે છે.

(૫) વારંવાર એકની એક બોટલમાં પ્રવાહી ભરી વાપરવાથી તેમાં ________


(અ) બેક્ટેરિયા પેદા થાય છે.

(આ) શેવાળ ઉત્પન્ન થાય છે.


(ઈ) રસાયણ છૂટું પડી પ્રવાહીમાં ભળે છે.

## સ. ૭ વિચારીને લખો.


(૧) એક જમાનામાં વાસણોનો ઉપયોગ થતો હતો.



(૨) પ્લાસ્ટિકના પ્રદૂષણને અટકાવવા કરી શકાય.



(૩) ટોક્સિક પાણીથી થતી વિપરીત અસર



**સ. ૮ પાઠના એક પરિચ્છેદના આધારે નીચેનાં વાક્યોને ક્રમમાં ગોઠવો.**

(૧) પ્લાસ્ટિકની થેલીઓથી ગટરો, ચોકઅપ થવાથી પૂરની સ્થિતિ નિર્માણ થાય છે.

(૨) સમુદ્રનું ટોક્સિક પાણી જળચર પ્રાણીઓના સ્વાસ્થ્યને નુકસાન કરે છે.

(૩) જાગૃત વ્યક્તિઓ પ્લાસ્ટિકનો ઉપયોગ સભાનપણે ઓછો કરી રહ્યા છે.

(૪) સમુદ્ર પ્લાસ્ટિક કિનારા પર સાભાર પરત પાથરી દે છે.

(૫) પ્લાસ્ટિકનો ઉપયોગ શક્ય તેટલો ન કરવો એ જ હિતાવહ છે.

**સ. ૯ રેખાંકિત શબ્દો ઉત્તર આવે તેવા પ્રશ્નો બનાવો.**

(૧) બી. દાસગુપ્તા અને એસ. ખુરાના એસએનડીટી યુનિવર્સિટી સાથે સંકળાયેલા હતા.

(૨) બોટલમાં મળતાં પાણીના ઉત્પાદન માટે છ ગણું વધુ પાણી વપરાય છે.

(૩) પાણીની બોટલો બનાવવા માટે પેટ પ્લાસ્ટિક વપરાય છે.

(૪) માઈક્રોવેવમાં કોઈપણ પ્લાસ્ટિક વાપરવું ન જોઈએ.

(૫) સમુદ્રમાં ઠલવાતા પ્લાસ્ટિકની આવરદા ૪૦૦ વરસ છે.

**સ. ૧૦ (અ) સાલ લખો.**

(૧) એક સામાજિક કાર્યકરે પ્લાસ્ટિક બેંક શરૂ કરી. [ ]

(૨) ૨૧૨ બિલિયન ટન પ્લાસ્ટિક સમુદ્રમાં ઠલવાયું. [ ]

(૩) વારવિક યુનિવર્સિટીએ પ્લાસ્ટિકના રિસાયકલ દ્વારા ફ્યુલ બનાવવાની પ્રક્રિયા શોધી કાઢી. [ ]

(૪) મેક્સિકોનો ગલ્ફ વિસ્તાર જીવસૃષ્ટિરહિત બન્યો. [ ]

(૫) ૨૧૫ મિલિયન મેટ્રિક ટન પ્લાસ્ટિક સમુદ્રમાં ઠલવાયું. [ ]

(૬) અમેરિકામાં વ્યક્તિદીઠ ૩૧૫ બોટલ એક વરસમાં વેચાઈ હતી. [ ]

**(બ) કેટલું, કેટલી, કેટલો, કેટલાં તે લખો.**

(૧) કેનેડિયન કંપનીએ પ્લાઝમા પ્લાન્ટ દ્વારા પ્લાસ્ટિક રિસાયકલ કરવાનું શરૂ કર્યું. [ ]

(૨) ૨૦૦૭માં મુંબઈમાં પ્લાસ્ટિક બોટલો વપરાઈ હતી. [ ]

(૩) શ્વાસમાં લેવાતો ઑક્સિજન સમુદ્ર પેદા કરે છે. [ ]

(૪) આપણને મળતું પાણી સમુદ્ર આપે છે. [ ]

(૫) દુનિયાભરમાં સમુદ્રમાં ડેડઝૉન ઊભા થયેલા છે. [ ]

(૬) ઘરવપરાશનું પ્લાસ્ટિક રિસાઈકલ થાય છે. [ ]

**સ. ૧૧** પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ ટાળવા તમે શાં પગલાં લેશો? તે ટૂંકમાં લખો.

**સ. ૧૨ (અ) કૌંસમાં આપેલા સર્વનામનું યોગ્ય રૂપ ખાલી જગ્યામાં ભરો.**

(૧) પ્લાસ્ટિકનો ઉપયોગ (આપણે) ________ જીવન સાથે વણાઈ ગયો છે.

(૨) (અમે) ________ પ્લાસ્ટિક પ્રકલ્પને પહેલું ઈનામ મળ્યું.

(૩) (તમે) ________ બધાએ પ્લાસ્ટિક બોટલનું પાણી પીવાનું ટાળવું જોઈએ.

(૪) (તે) ________ પ્લાસ્ટિક પ્રદૂષણ પર લેખ લખ્યો.

(૫) (હું) ________ ઘરમાં પ્લાસ્ટિકની જગ્યાએ કાચ અને સ્ટીલનાં વાસણો વપરાય છે.

**(બ) કૌંસમાં આપેલા ક્રિયાપદનું યોગ્ય રૂપ ખાલી જગ્યામાં લખો.**

(૧) પ્લાસ્ટિકને વારંવાર (વાપરવું) ________ રસાયણ છૂટું પડીને પ્રવાહીમાં ભળે છે.

(૨) પ્લાસ્ટિકને રિસાઈકલ કરીને ફ્યુઅલ (બનાવવું) ________ પ્રોસેસ શોધી કાઢ્યો છે.

(૩) સમુદ્ર પોતાના પેટમાં કશું (સંઘરવું) ________ નથી.

(૪) પ્લાસ્ટિના કચરામાં (ફસાવું) ________ માછલીઓ જોવા મળે છે.

(૫) આજના જુવાનો બહારનું (ખાવું, પીવું) ________ સ્વાસ્થ્ય બગાડે છે.

**સ. ૧૩ (અ)** 'દુર' પૂર્વગ 'અયોગ્ય, ખોટું' નો અર્થ દર્શાવે છે. દા.ત. ઉપયોગ - દુરુપયોગ

(૧) બુદ્ધિ - (૨) ગંધ - (૩) ઘટના - (૪) ગતિ -

**(બ)** 'અન' નકાર, અભાવનો અર્થ દર્શાવતો પૂર્વગ છે. દા.ત. અધિકૃત - અનધિકૃત

(૧) આસક્તિ - (૨) અર્થ - (૩) આવશ્યકતા - (૪) ઈચ્છા -

**(ક)** નીચેના વિશેષણ પરથી નામ બનાવો. દા. ત. વ્યવસાયિક - વ્યવસાય

(૧) વૈજ્ઞાનિક - (૨) ઐતિહાસિક - (૩) સામાજિક - (૪) ભૌગોલિક -

★ વર્ગના વિદ્યાર્થીઓના ૪ જૂથ પાડો. દરેક જૂથ નીચેનામાંથી એક - એક વિષય ઉપર ચર્ચા કરો.

(૧) હવાનું પ્રદૂષણ

(૨) પાણીનું પ્રદૂષણ

(૩) ધ્વનિનું પ્રદૂષણ

(૪) પ્લાસ્ટિકનું પ્રદૂષણ

## પ્રકલ્પ

★ ઈન્ટરનેટની મદદથી પ્લાસ્ટિકના ઉપયોગને ટાળવા માટેના સુંદર અને વિવિધ ભાષાઓમાં સ્લોગનો તૈયાર કરીને વર્ગમાં તેનું પ્રદર્શન યોજો.



## ✪ વિશેષ વાંચન ✪

### જુદી રીતે વિચારો...

સદીઓ પહેલાં ઈટાલીના એક નાનકડા ગામમાં વેપારી રહેતો હતો. એકવાર વેપારમાં તેને ખાસ્સી ખોટ ગઈ અને ઉધાર લીધેલાં નાણાં પણ તે પરત ન કરી શક્યો. નાણાં ધીરનાર વ્યક્તિ દેખાવમાં અને સ્વભાવમાં બંને રીતે કદરૂપો હતો. વેપારીની દીકરી સુંદર હતી. નાણાં ધીરનારની નજર તેના પર બગડી અને તેણે શરત મૂકી કે જો વેપારી પોતાની દીકરીને તેને પરણાવે તો તે બધું લેણું માફ કરી દે. આ સાંભળીને વેપારી અને તેની દીકરી નિરાશ થઈ ગયાં. નાણાં ધીરનાર વ્યક્તિએ કહ્યું કે ચાલો એક તક આપું, હું એક થેલીમાં બે પથરા મૂકીશ સફેદ અને કાળો. તમારી દીકરી તેમાં જોયા વિના એક પથ્થર ઉપાડે. જો તેના હાથમાં કાળો પથ્થર આવે તો તે મને પરણશે. સફેદ પથ્થર આવે તો મને પરણવાની જરૂર નથી. હું તમારું લેણું માફ કરી દઈશ. ત્રીજું જો તે પથ્થર ઉપાડવાની ના પાડશે તો તેના પિતાને જેલમાં પૂરી દેવામાં આવશે.

એ લોકો પેલી વ્યક્તિના બગીચામાં પથ્થરોવાળા રસ્તા પર ઊભાં હતાં. નાણાં ધીરનારે એક થેલી લીધી અને વાંકા વળીને તેણે સિફતથી બે કાળા પથ્થર થેલીમાં નાંખ્યા. વેપારીની છોકરીની ચાલાક નજરે એ વાત નોંધી. એનો અર્થ એ જ હતો કે એ વ્યક્તિ લુચ્ચાઈ કરી રહી હતી. તે કોઈ તક વેપારીને આપવા માંગતો જ નહોતો.

ધારો કે તમે છોકરીની જગ્યાએ હો તો તમે શું કરો ? હાલની પરિસ્થિતિમાં ત્રણ શક્યતાઓ વિચારી શકાય એમ છે.

૧. પથ્થર ઉપાડવાની ના પાડી દો.

૨. બેગમાંથી બે કાળા પથ્થર કાઢીને પેલી વ્યક્તિની લુચ્ચાઈને ખુલ્લી પાડી દો.

૩. બેગમાંથી કાળો પથ્થર લઈને પિતાને દેવામાંથી અને જેલમાં જતાં બચાવી લેવા પોતાની ઈચ્છાઓનો ભોગ આપો. શું આ ત્રણ સિવાય જુદી કોઈ રીત હોઈ શકે ?

આ વાર્તા આપણને લાગણીથી કે આવેશથી નહીં પણ બુદ્ધિથી વિચારતાં શીખવાડે છે. પેલી છોકરીએ થેલીમાં હાથ નાખી એક પથ્થર એવી રીતે કાઢ્યો કે તેનો રંગ જોઈ શકાય તે પહેલાં જ તેના હાથમાંથી નીચે પડીને બીજા પથ્થરોમાં ભળી ગયો. છોકરીએ ખૂબ દુઃખી હૃદયે કહ્યું કે મારાથી ભૂલ થઈ ગઈ. મારો તો હાથ ને નસીબ ભાંગેલા જ છે. પછી જરા અટકીને કહે, અરે કોઈ વાંધો નહીં. જો થેલીમાં જોશો તો એક પથ્થર તો છે જ. એ પથ્થર જે રંગનો હશે તેના પરથી ક્યો પથ્થર મેં ઉપાડ્યો હતો તે ખબર પડી જશે. થેલીમાં કાળો પથ્થર જ હતો એટલે પડી ગયો તે પથ્થર સફેદ હતો તેવું માનવું જ રહ્યું. અને નાણાં ધીરનાર વ્યક્તિ એવું તો નહીં જ કહે ને કે તેણે અપ્રમાણિકતા આદરીને બંને પથ્થર કાળા જ મૂક્યા હતા. આમ છોકરીએ જુદી રીતે વિચારીને હારેલી બાજી જીતી લીધી.

જ્યારે વિપરીત પરિસ્થિતિ હોય છે ત્યારે આપણે આવેશ અને લાગણીમાં તણાઈને ખોટા નિર્ણયો લઈ બેસતાં હોઈએ છીએ. અને પછી રોદણાં રડીએ છીએ, કે હમણાં નસીબ જ ખરાબ છે પણ જો સ્વસ્થ મને વિચાર કરીએ તો એવા રસ્તા મળે જે આપણને પરિસ્થિતિને અનુકૂળ કરી આપે કે પરિસ્થિતિ જ બદલી આપે. કોઈપણ સંજોગોમાં પહેલાં જ હારી જનાર વ્યક્તિ ક્યારેય જીતી શકતી નથી. તે સતત હારેલી જ રહે છે. પણ અંતિમ પળ સુધી હાર ન સ્વીકારનાર વ્યક્તિ પરિસ્થિતિને બદલવાની ક્ષમતા ધરાવતી હોય છે.

આઉટ ઑફ બોક્સ વિચારવાની આદત પાડવી જરૂરી છે.

**પ્રદૂષણ ટાળો – આવરદા વધારો**

3XAF5M

❀ ❀ ❀

# ભાષિક સમજ

## ✪ વિશેષ ઉપક્રમ ✪

★ જુઓ. વિચારો અને ધ્યાનમાં રાખો.

| | |
|---|---|
| લાભાલાભ = લાભ + અલાભ | સર્વ + ઉત્તમ = સર્વોત્તમ |
| કિશોરાવસ્થા = કિશોર + અવસ્થા | રજની + ઈશ = રજનીશ |
| મહેન્દ્ર = મહા + ઈન્દ્ર | રવિ + ઈન્દ્ર = રવીન્દ્ર |
| મધુ + ઊર્મિ = મધૂર્મિ | એક + અંત = એકાંત |
| વાત + આવરણ = વાતાવરણ | સ્વ + અધ્યાય = સ્વાધ્યાય |

ઉપરના દરેક શબ્દમાં બે-બે શબ્દો જોડાયા છે. બે શબ્દોના જોડાણને અને એક શબ્દને ધ્યાનમાં રાખો.

★ નીચેના શબ્દોને બે શબ્દના રૂપમાં લખો. (સંધિ છોડો)

| | | |
|---|---|---|
| (૧) સમાંતર | (૨) એકાકાર | (૩) વિદ્યાભ્યાસ |
| (૪) વિવેકાનંદ | (૫) જયેન્દ્ર | (૬) મહોદય |
| (૭) પરોપકાર | (૮) રામેશ્વર | (૯) ધર્મેન્દ્ર |
| (૧૦) કર્મેન્દ્રિય | (૧૧) પરીક્ષા | (૧૨) અવનીશ |
| (૧૩) મંત્રોચ્ચાર | (૧૪) ઉત્તમોત્તમ | |

★ નીચેના બે શબ્દોને જોડી એક શબ્દ બનાવો. (સંધિ જોડો)

| | |
|---|---|
| (૧) ચિંતા + આતુર | (૨) મહા + ઈશ |
| (૩) યોગ + ઈન્દ્ર | (૪) મહા + ઈચ્છા |
| (૫) કવિ + ઈશ્વર | (૬) લોક + ઉક્તિ |
| (૭) પુરુષ + ઉત્તમ | (૮) ભુવન + ઈશ્વર |
| (૯) નાગ + ઈશ્વર | (૧૦) રાજ + ઈશ્વર |
| (૧૧) જલ + આવરણ | (૧૨) બાહ્ય + આવરણ |
| (૧૩) આનંદ + ઊર્મિ | (૧૪) સિન્ધુ + ઊર્મિ |

# ✪ ભેજું કસો ✪

★ આડાઅવળા અક્ષરો ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો.

(૧) દ ન વે નિ = ..................................................

(૨) ર દ ઉ વા મે = ..................................................

(૩) તે રા ન ના મ લી = ..................................................

(૪) ર સૌ ર્ષ વ = ..................................................

(૫) દ ને વ ચં = ..................................................

(૬) પુ યુ રુ ગ ષ = ..................................................

(૭) મે નિ ષ અ = ..................................................

★ ઉપરના અર્થપૂર્ણ શબ્દો બનાવી લીધા પછી તે શબ્દોમાંથી નીચે મુજબના અક્ષરો પસંદ કરો.

(૧) ચોથો અક્ષર (૨) બીજો અક્ષર

(૩) પહેલો અક્ષર (૪) પહેલો અક્ષર

(૫) બીજો અક્ષર (૬) બીજો અક્ષર

(૭) ત્રીજો અક્ષર

★ ઉપર પ્રમાણે પસંદ કરેલા અક્ષરો ભેગા કરીને જુઓ કે કઈ કહેવત બની? તે કહેવત નીચે લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

તમને આવડતી અને ગમતી બીજી દસ કહેવતો લખો.

(૧) ..................................................

(૨) ..................................................

(૩) ..................................................

(૪) ..................................................

(૫) ..................................................

(૬) ..................................................

(૭) ..................................................

(૮) ..................................................

(૯) ..................................................

(૧૦) ..................................................

# ઉપક્રમ

## અર્થભેદ

★ કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યની ખાલી જગ્યા પૂરો.

(૧) કોયલબહેન સાથે કોઈ બોલે નહિ ............ કોઈ તેને કેરી પણ ખાવા ન આપે. (વડી / વળી)

(૨) કોયલબહેન તો ધ્રૂસકે ધ્રૂસકે ............ લાગ્યાં. (રડવા / રળવા)

(૩) હું માનવી માનવ થાઉં તો ............ (ઘણું / ગણું)

(૪) નદીમાં ઘણું ............ આવ્યું છે. (પુર / પૂર)

(૫) બાળકોમાં ............ સિંચન કરવું જોઈએ. (ગુણોનું / ગૂણોનું)

(૬) ............ દુઃખિયાને મદદ કરવી આપણી ફરજ છે. (દિન / દીન)

(૭) ............ મજૂરને માથે ભારો ચડાવ્યો ? (કોણે / કોને)

(૮) આ કઈ ............ ચાલે છે? (સાલ / શાલ)

(૯) તેની ............ પહોળી થઈ ગઈ. (આખો / આંખો)

(૧૦) તેણે પાંચ રૂપિયામાં તરબૂચ ............ દીધું. (વહેંચી / વેચી)

(૧૧) બધાં સાથે મળીને સલાડની લિજ્જત ............ . (માણો / માનો)

(૧૨) રેલવેના ............ ઓળંગવામાં સાવચેતી રાખવી જોઈએ. (પાટા / પાડા)

(૧૩) માછલી પકડવાની ............ મોટી છે. (જાળ / ઝાળ)

(૧૪) જા, રાધા ! ............ બોલાવી લાવ. (કાનાને / કાણાને)

(૧૫) બે-ચાર લોકોને ............ તો કામ થઈ જાય. (મરો / મળો)

(૧૬) બધાં ............ મેળવીને ગાઓ. (સૂર / સુર)

(૧૭) તે કેટલા ............ ચાલ્યો હશે ? (કોશ / કોસ)

(૧૮) કોયલબહેને કુંભારનું ............ જોઈ, તેને પૂછ્યું. (ઘર / ગર)

(૧૯) બાળકો ............ તો બધાંને બહુ ગમે. (હશે / હસે)

(૨૦) ............ પાસે જઈ રંગ લઈ આવ. (ચિતારા / સિતારા)

(૨૧) ખેડૂત ખેતરમાં ............ ઉપયોગ કરે છે. (કાતરનો / ખાતરનો)

(૨૨) કૌરવો ............ હતા. (સૌ / સો)

# ઉપક્રમ

★ નીચેની ક્રિયાઓને ક્રમમાં ગોઠવી ફરી લખો.

અ) (૧) રીસેસ પહેલાં ભાષા અને ગણિત ભણ્યા.
(૨) રીસેસમાં નાસ્તો કર્યો.
(૩) આપણે શાળામાં આવ્યા.
(૪) છૂટતાં પહેલાં રમતના મેદાનમાં રમતો રમ્યા.
(૫) સૌ પ્રથમ પ્રાર્થના કરી.

જવાબ : (૧) ..............................................
(૨) ..............................................
(૩) ..............................................
(૪) ..............................................
(૫) ..............................................

બ) (૧) શાકભાજી ધોઈને લૂછ્યાં.
(૨) મમ્મીએ સ્વાદિષ્ટ શાક બનાવ્યું.
(૩) બજારમાંથી લીલાં શાકભાજી લાવ્યા.
(૪) રોટલી સાથે હોંશે હોંશે શાક ખાધું.
(૫) દાદીએ શાક સમાર્યું.

જવાબ : (૧) ..............................................
(૨) ..............................................
(૩) ..............................................
(૪) ..............................................
(૫) ..............................................

## ✪ શિક્ષક સાથે સંવાદ ✪

ખેતીની પ્રક્રિયા, મુસાફરીની તૈયારી, તહેવારોની ઉજવણી, રમતગમત, વર્ષગાંઠ ઉજવણી, પોતાના દેશ - રાજ્ય - શહેર - વિસ્તાર - ઘર જેવા વિષયો લઈ આ પ્રમાણે મહાવરો કરાવવો.

# માર્ગદર્શક કૃતિપુસ્તિકા

★ 'વૃદ્ધો : આપણો વારસો' પાઠમાંથી નીચેના ગદ્યખંડનું ધ્યાનપૂર્વક વાંચન કર્યા પછી અહીં આપેલી કૃતિઓ કરો.

ગદ્યખંડ - જાપાનની એક લોકકથા .....................

........................ કાયદાના જડબંધન

**કૃતિ - ૧** ઉદાહરણ પ્રમાણે લખો. દા. ત. પહાડ-પર્વત

(૧) જંગલ - ( )  (૨) બિહામણું - ( )

(૩) સજા - ( )  (૪) ઉલ્લંઘન - ( )

(૫) કડક - ( )  (૬) રખે - ( )

**કૃતિ - ૨** કોને?

(૧) પહાડોમાં લઈ જઈ છોડી દેવાનાં - ________

(૨) મૃત્યુદંડની આકરી સજા થાય - ________

(૩) યુવાને અશ્રુભરી આંખે ખભે ઉપાડ્યા - ________

**કૃતિ - ૩** યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

(૧) કામ કરવા સક્ષમ ના રહે ત્યારે એમને ________

(અ) ઘરડાઘરમાં મૂકી આવવા.

(આ) દૂરના પહાડોમાં મૂકી આવવા.

(ઇ) ગાઢ જંગલમાં મૂકી આવવા.

(૨) દેશમાં કોઈ વૃદ્ધ જ દેખાતા નહિ. કારણ કે ________

(અ) વૃદ્ધોને પહાડોમાં મૂકી આવતા.

(આ) વૃદ્ધો પોતે જ ગામ છોડીને જતાં રહેતાં.

(ઇ) બાળમરણ અને યુવાનોના મરણનું પ્રમાણ વધારે હતું.

(૩) વૃદ્ધ પિતાએ કૂણાંકૂણાં વૃક્ષોની ડાળખીઓ રસ્તામાં નાંખવા માંડી. કારણ કે ________

(અ) વૃક્ષોની ડાળખીઓ વચ્ચે આવતી હતી.

(આ) માત્ર મસ્તી કરવા ખાતર.

(ઇ) પાછા ફરતા દીકરો ભૂલો ન પડે.

## કૃતિ – ૪

નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદમાં વર્ગીકરણ કરો.

જાપાન, સક્ષમ, એમને, દેખાવું, ભૂલવું, એણે, ભાવુક, કાયદો, મારો, વૃદ્ધ, વિચારવું, આંખ.

| નામ | સર્વનામ | વિશેષણ | ક્રિયાપદ |
|---|---|---|---|
| | | | |

## કૃતિ – ૫

કહો

(૧) આ લોકકથા છે તે દેશ ________


(૨) વૃદ્ધ મા-બાપને પહાડોમાં મૂકી આવવાનો કાયદો કરનાર ________

(૩) મા-બાપને પહાડોમાં મૂકી આવવા જવાબદાર ________

(૪) પુત્ર ભાવુક હતો તો પિતા ________

## કૃતિ – ૬


યોગ્ય રીતે જોડો :




## કૃતિ - ૭

નમૂના પ્રમાણે શબ્દ બનાવો.

(અ) (૧) જડબંધન




(અ) (૧) મૃત્યુદંડ




## કૃતિ - ૮

યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| (૧) ભારે હૈયે | (અ) સખત સજા કરવી |
| (૨) સક્ષમ ન હોવું | (આ) અવગણના કરવી |
| (૩) ઉલ્લંઘન કરવું | (ઇ) સમર્થ ન હોવું |
| (૪) આકરી સજા કરવી | (ઈ) દુ:ખી હૃદયે |

## કૃતિ - ૯

નીચેનાં વાક્યોને ક્રમ પ્રમાણે ગોઠવો.

(૧) જે લોકો કાયદાનું ઉલ્લંઘન કરે એમને મૃત્યુદંડ જેવી આકરી સજા.

(૨) બિહામણા જંગલમાં રખેને મારો દીકરો ભૂલો પડે તો?

(૩) બાપા એ કૂણાં વૃક્ષોની ડાળખીઓ રસ્તામાં નાખી.

(૪) ભારે હૈયે અને અશ્રુભરી આંખે એણે બાપને ખભે ઉપાડ્યા.


(૫) યુવાન પુત્રોની એ જવાબદારી.











































- पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पाठ्येत्तर प्रकाशने.
- नामवंत लेखक, कवी, विचारवंत यांच्या साहित्याचा समावेश.
- शालेय स्तरावर पूरक वाचनासाठी उपयुक्त.

पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेत स्थळावर भेट द्या.

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५




મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧ ૦૦૪.

साहित्यभारती, इयत्ता नववी (संयुक्त) गुजराती भाषा

₹ 38.00